

ભાઈ ! તારા જ્ઞાનમાં તું એવો નિર્ણય કર કે દ્રવ્યમાં જે સમયે જે પરિણામ છે તે સમયે તે જ સત્ છે, તેનો હું જ્ઞાતા છું, તેમાં કોઈ ફેરફાર કરનાર નથી. --આમ જાણતાં પર્યાયના રાગનું સ્વામીપણું ને અંશબુદ્ધિ ટળી જાય છે ને દ્રવ્યના લક્ષે સમ્યક્ત્વ ને વીતરાગતા થાય છે, તે જ ધર્મ છે.

*—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ*


કહાન સં. ૧૮ સં. ૨૦૫૪ [૬૫૧] * **આત્મધર્મ** * [અંક-૭ વર્ષ-૫૪] વીર સં. ૨૫૨૪ જાન્યુઆરી-૧૯૯૮

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ નરકભૂમિની સામગ્રી તથા નારકીઓનું વિકરાળરૂપ જેવું છે તેવું જો કોઈને એક ક્ષણમાત્ર પણ સ્વપ્નમાં દેખાડે તો તે ભયથી પ્રાણ રહિત થઈ જાય.

નારકીઓના દેહાદિનો એક કણ અહીં આવે તો તેની દુર્ગંધથી અહીંના હજારો પંચેન્દ્રિય જીવો મરણ પામે.

નારકીઓના શબ્દ એવા ભયંકર તથા કઠોર છે કે જો અહીં સાંભળવામાં આવે તો હાથીઓના ને સિંહોના હૃદય ફાટી જાય.

નરકમાં જે દુઃખદાયી સામગ્રી છે તેનો સ્વભાવ દેખાડવા કે અનુભવ કરાવવા સમસ્ત મધ્યલોકમાં કોઈ વસ્તુ દેખાતી નથી.

નરકમાં જે દુઃખ છે તે કોઈ કરોડો જીભ વડે કરોડો વર્ષ સુધી કહે તોપણ એક ક્ષણમાત્રના દુઃખને કહેવા સમર્થ નથી. ૪૯૧

*(શ્રી સમંતભદ્ર આચાર્ય, રત્નકરંડશ્રાવકાચાર, સુખદાસજી, ટીકા, પાનું-૬૧૨)*

❀ આ ચિદાનંદ ચોરાશીલાખ યોનિના શરીરોની સુધારણા કર્યા કરે છે. જે ઘરમાં રહે તેને સુધારે, પછી વળી બીજી શરીર-ઝૂંપડીને સુધારે. વળી બીજી પામે તેને સુધારતો ફરે. બધાં દેહ જડ, એ જડોની સેવા કરતાં કરતાં અનાદિકાળ વીત્યો, એ શરીર–સેવાનો કર્મરોગ અનાદિથી લાગ્યો આવ્યો છે. તેથી આ રોગ વડે પોતાનું અનંતબળ ક્ષીણપણાને પામ્યું તેથી મોટી વિપત્તિ–જન્માદિ ભોગવે છે. ૪૯૨ *(શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું-૪૩)*

❀ વિવેક રહિત અજ્ઞાની જીવ પોતે પૂર્વજન્મમાં કરેલાં કર્મોની ઉપર તો ક્રોધ કરતો નથી, પરંતુ તે કર્મોની નિર્જરા કરાવવાવાળા પુરુષની ઉપર ક્રોધ કરે છે. અર્થાત્ વૈદ્ય સમાન પોતાની ચિકિત્સા કરનારની ઉપર ક્રોધ કરે છે પણ આ પદ્ધતિ કોઈ પ્રકારે યોગ્ય નથી, કારણ કે પોતાના કર્મોની નિર્જરા કરાવે તે તો વૈદ્યની જેમ પોતાનો ઉપકારી છે, તેનો તો ઉપકાર જ માનવો જોઈએ. તેની ઉપર ક્રોધ કરવો ઘણી મોટી ભૂલ છે તથા કૃતઘ્નતા છે. ૪૯૩. *(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, અધિકાર-૧૯ ગાથા-૪૧)*

કહાન
સંવત-૧૮
વર્ષ ૫૪
અંક-૭
[ ૬૫૧ ]

વીર
સંવત
૨૫૨૪
સં. ૨૦૫૪
JAN.
A. D. 1998




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# વીતરાગી વિજ્ઞાનમાં જાણાતા વિશ્વના જ્ઞેય પદાર્થોનો સ્વભાવ

[ શ્રી પ્રવચનસાર ગાથા-૯૯ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

[ સળંગ પ્રવચન નં. ૭ ]

" દરેક દ્રવ્ય સદાય સ્વભાવમાં રહે છે, તેથી ' સત્ ' છે. તે સ્વભાવ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વરૂપ પરિણામ છે. " દરેક વસ્તુ ત્રણેકાળે પોતાના સ્વભાવમાં એટલે કે પોતાના પરિણામમાં રહે છે; સોનું, પોતાના કુંડળ, હાર વગેરે પરિણામમાં વર્તે છે. કુંડળ કે હાર વગેરે પરિણામથી જુદું સોનું વર્તતું નથી. કોઈ પણ પદાર્થ પોતાના પરિણામ-સ્વભાવને ઓળંગીને અન્ય પરિણામને સ્પર્શતો નથી. દરેક વસ્તુ જુદી જુદી પોતાના પરિણામમાં જ રહે છે. આત્મા પોતાના જ્ઞાન કે રાગાદિ પરિણામમાં રહેલો છે, પણ શરીરની અવસ્થામાં આત્મા રહેલો નથી. શરીરની અવસ્થામાં પુદ્ગલો રહેલા છે. અને શરીરના અનંત રજકણોમાં પણ ખરેખર તો દરેક રજકણ ભિન્ન ભિન્ન પોત પોતાની અવસ્થામાં રહ્યા છે. આવો વસ્તુસ્વભાવ જોનારને પરમાં કયાંય એકત્વબુદ્ધિ થતી નથી ને પર્યાયબુદ્ધિના રાગદ્વેષ થતા નથી.

આત્મા અને દરેક પદાર્થ સમયે સમયે પોતાની નવી અવસ્થાપણે ઊપજે છે, જૂની અવસ્થાપણે વ્યય પામે છે અને સળંગ વસ્તુપણે ધ્રુવ રહે છે. એકેક સમયના પરિણામ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સહિત છે, એવા પરિણામ તે સ્વભાવ છે ને વસ્તુ સ્વભાવવાન છે. કોઈ પણ વસ્તુ પોતાનો સ્વભાવ છોડીને બીજાના સ્વભાવમાં વર્તે

અથવા તો બીજાના સ્વભાવને કરે એમ કદી બને નહિ. સ્વભાવવાન્—દ્રવ્ય પોતાના પરિણામ-સ્વભાવમાં રહેલું છે. શરીરની અવસ્થાઓ છે તે પુદ્‌ગલના પરિણામ છે. તેમાં પુદ્‌ગલો વર્તે છે, આત્મા તેમાં વર્તતો નથી; છતાં આત્મા તે શરીરની અવસ્થામાં કાંઇ કરે—એમ જેણે માન્યું તેની મિથ્યા માન્યતા છે. જેમ અફીણના કડવાશ વગેરેના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યપરિણામમાં અફીણ જ રહેલું છે. તેમાં કાંઈ ગોળ રહેલો નથી અને ગોળના ગળપણ વગેરેના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યપરિણામમાં ગોળ જ રહેલો છે, તેમા કાંઈ અફીણ રહેલું નથી. તેમ આત્માના જ્ઞાન વગેરેના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યપરિણામ સ્વભાવમાં આત્મા રહેલો છે. તેમાં કાંઇ ઇન્દ્રિયો કે શરીરાદિ રહેલા નથી માટે તેમનાથી આત્મા જાણતો નથી. અને પુદ્‌ગલના શરીર વગેરેના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય પરિણામસ્વભાવમાં પુદ્‌ગલો જ રહેલા છે. તેમાં કાંઈ આત્મા રહેલો નથી—માટે આત્મા શરીરાદિની ક્રિયાને કરતો નથી. આમ દરેક પદાર્થ પોત પોતાના સ્વભાવમાં જ રહેલો છે. બસ, આવા પદાર્થના સ્વભાવને જાણવો તે વીતરાગી વિજ્ઞાન છે, તેમાં જ ધર્મ આવે છે.

દરેક પદાર્થની મર્યાદા—હદ પોતપોતાના સ્વભાવમાં રહેવાની છે. પોતાના સ્વભાવની હદમાંથી બહાર નીકળીને પરમાં કાંઈ કરે એવી કોઈ પદાર્થની તાકાત નથી.—આમ વસ્તુસ્થિતિ હોય તો જ દરેક તત્ત્વ પોતાના સ્વતંત્ર અસ્તિત્વપણે રહી શકે. આ જ વાત અસ્તિ-નાસ્તિરૂપ અનેકાંતથી કહીએ તો દરેક પદાર્થ પોતાના સ્વચતુષ્ટયથી ( દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ને ભાવથી ) અસ્તિરૂપ છે, ને પરના ચતુષ્ટયથી તે નાસ્તિરૂપ છે. આ પ્રમાણે દરેક તત્ત્વ ભિન્ન ભિન્ન ટકી રહ્યું છે એમ નક્કી કરતાં, સ્વતત્ત્વને પરતત્ત્વથી જુદું જાણ્યું ને પોતાના સ્વભાવમાં વર્તતા સ્વભાવવાન દ્રવ્યની દૃષ્ટિ થઈ. એ જ સમ્યક્‌રુચિ અને સમ્યગ્જ્ઞાન તથા વીતરાગતાનું કારણ છે.

જેવી વસ્તુ હોય તેવી જાણવી તે જ સમ્યગ્જ્ઞાન છે. જેમ લૌકિકમાં ગોળને ગોળ જાણે ને અફીણને અફીણ જાણે તો ગોળ અને અફીણનું સાચું જ્ઞાન છે. જગતના પદાર્થોમાં જડ-ચેતન દરેક પદાર્થ સ્વતંત્ર છે, દરેક પદાર્થ પોતે પોતાના ઉત્પાદ-વ્યય ધ્રૌવ્યસ્વભાવથી ટકેલો છે—એમ જાણવું તે સમ્યગ્જ્ઞાન છે ને એક પદાર્થમાં પરને લઈને કાંઇ થાય એમ માને તે મિથ્યાજ્ઞાન છે, તેણે પદાર્થના સ્વભાવને જેમ છે તેમ જાણ્યો નથી, પણ વિપરીત માન્યો છે.

આત્માનો 'જ્ઞાયક' સ્વભાવ છે ને પદાર્થોનો 'જ્ઞેય' સ્વભાવ છે; પદાર્થોમાં ફેરફાર આઘું પાછું એવો તેમનો સ્વભાવ નથી, ને તેમના સ્વભાવમાં કાંઈ ફેરફાર કરે એવો જ્ઞાનનો સ્વભાવ નથી. જેમ આંખ અફીણને અફીણ તરીકે ને ગોળને ગોળ

તરીકે દેખે. પણ અફીણને ફેરવીને ગોળ ન બનાવે ને ગોળને ફેરવીને અફીણ ન બનાવે, તેમ જ તે અફીણ પણ પોતાનો સ્વભાવ છોડીને ગોળપણે થાય નહિ ને ગોળ પોતાનો સ્વભાવ છોડીને અફીણપણે થાય નહિ. તેમ આત્માનો જ્ઞાનસ્વભાવ બધાય સ્વ-પર જ્ઞેયોને જેમ છે તેમ જાણે, પણ ક્યાંય કાંઈ ફેરફાર કરે નહિ. તેમ જ જ્ઞેયો પણ પોતાના સ્વભાવને છોડીને બીજારૂપે થાય નહિ. બસ, જ્ઞાન અને જ્ઞેયના આવા સ્વભાવની પ્રતીત તે વીતરાગી શ્રદ્ધા છે. આવું જ્ઞાન તે વીતરાગી વિજ્ઞાન છે.

સ્વતંત્ર જ્ઞેયોને જેવા હોય તેવા જાણવા તે સમ્યગ્જ્ઞાનની ક્રિયા છે. જ્ઞાન શું કાર્ય કરે ? કે જાણવાનું કાર્ય કરે. એ સિવાય ક્યાંય ફેરફાર કરવાનું કામ જ્ઞાન ન કરે. દરેક પદાર્થ સ્વયંસિદ્ધ સત્ છે. ને તેનામાં પર્યાય ધર્મ છે, તે પર્યાયો ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વભાવવાળા છે. એટલે પદાર્થમાં સમયે સમયે પર્યાય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય થાય છે તેમાં તે પદાર્થ વર્તી રહ્યો છે. આમ સ્વતંત્ર દ્રવ્ય-સ્વભાવને જાણવો તે સમ્યગ્જ્ઞાન છે. જો એકેક પર્યાયની સ્વતંત્રતા ન જાણે તો તેણે દ્રવ્યની સ્વતંત્રતાને પણ જાણી નથી. કેમકે 'સત્' પોતાના પરિણામમાં વર્તીને ટકેલું છે. જો વસ્તુ પોતાને ટકવા માટે બીજાના પરિણામનો આશ્રય માગે તો તે વસ્તુ જ સત્ નથી રહતી. 'સત્'નો સ્વભાવ પોતાના જ પરિણામમાં વર્તવાનો છે. સત્ પોતે સ્વયં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક છે. સતને પોતાના પરિણામનો ઉત્પાદ જો બીજાથી થતો હોય તો તે પોતે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તમ્ 'સત્' જ નથી રહેતું. માટે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તમ્ સત્ છે એમ માનતાં જ પરિણામની સ્વતંત્રતાનો સ્વીકાર તો આવી જ ગયો અને પરિણામ પરિણામમાંથી આવતા નથી પણ પરિણામી દ્રવ્યમાંથી આવે છે એટલે તેની દૃષ્ટિ પરિણામી ઉપર ગઈ, તે સ્વદ્રવ્યની સન્મુખ થયો, સ્વદ્રવ્યની સન્મુખતામાં સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રની ઉત્પત્તિ થાય છે, તે મોક્ષનું કારણ છે.

શ્રોતા:—સોનું અને ત્રાંબુ એ બંનેનું મિશ્રણ થતાં તો તેઓ એક બીજામાં ભળી ગયાં ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી:—ભાઈ ! વસ્તુસ્થિતિ સમજો. સોનું અને ત્રાંબુ ભેગાં કદી થતાં જ નથી. સંયોગ દૃષ્ટિથી સોનું અને ત્રાંબુ ભેગાં થયા એમ કહેવાય છે. પણ પદાર્થના સ્વભાવની દૃષ્ટિથી તો સોનું ત્રાંબુ કદી ભેગા થયા જ નથી; કેમકે જે સોનાના રજકણો છે તેઓ પોતાના પરિણામમાં જ વર્તે છે ને જે ત્રાંબાના રજકણો છે તેઓ પોતાના ત્રાંબા પરિણામમાં જ વર્તે છે; એક રજકણ બીજા રજકણના પરિણામમાં વર્તતો નથી. સોનાના બે રજકણોમાંથી પણ તેનો એક રજકણ બીજા રજકણમાં વર્તતો નથી. જો એક પદાર્થ બીજામાં ને બીજો ત્રીજામાં ભળી જાય તો તો જગતમાં કોઈ સ્વતંત્ર

વસ્તુ જ ન રહે. વળી સોનું અને ત્રાંબુ 'મિશ્ર થયા' એમ કહેતા પણ તે બંનેની એકતા સાબિત નથી થતી પણ તે બંનેની ભિન્નતા જ સાબિત થાય છે, કેમકે 'મિશ્ર' બેનું હોય, એકમાં 'મિશ્ર' ન કહેવાય. માટે મિશ્ર કહેતાં જ પદાર્થોનું ભિન્ન ભિન્ન હોવાપણું સાબિત થઈ જાય છે.

દરેક વસ્તુ પોતાના સ્વભાવપણે સત્ રહે છે, બીજા ઊંધું માને તો તેથી કાંઈ વસ્તુનો સ્વભાવ ફરી ન જાય. અફીણને કોઈ ગોળ માને તો તેથી કાંઈ અફીણની કડવાશ મટી ન જાય; અફીણને ગોળ માનીને ખાય તો તે કડવું જ લાગે. તેમ તત્ત્વને જેમ છે તેમ સ્વતંત્ર ન માનતા પરના આધારે ટકેલું માને તો, વસ્તુ તો કાંઈ પરાધીન થઈ જતી નથી પણ તેણે સતની વિપરીત માન્યતા કરી તેથી તેનું જ્ઞાન મિથ્યા થાય છે અને તે મિથ્યાજ્ઞાનના ફળમાં તેને ચોરાશીના અવતાર થાય છે. કોઈ જીવ પુણ્યનો શુભરાગ કરીને એમ માને કે હું ધર્મ કરું છું, તો કાંઈ તેને તે રાગથી ધર્મ ન થાય, પણ તેણે વસ્તુસ્વરૂપને વિપરીત જાણ્યું તેથી તે અજ્ઞાનના ફળમાં તેને ચોરાશીના અવતારમાં રખડવાનું થશે.

પરિણામ તે સ્વભાવ છે અને સ્વભાવવાન તે દ્રવ્ય છે, એમ જાણીને સ્વભાવવાન દ્રવ્યની રુચિ થતાં જ સમ્યક્ત્વનો ઉત્પાદ, તે જ સમયે મિથ્યાત્વનો વ્યય અને અખંડપણે આત્માની ધ્રૌવ્યતા છે. દરેક વસ્તુ 'સત્' ત્રિકાળ સ્વયંસિદ્ધ છે. જો સત્ ત્રિકાળ ન હોય તો તે અસત્ ઠરે. પણ વસ્તુ કદી અસત્ હોય નહિ. વસ્તુ ત્રિકાળ છે એટલે તેનો કોઈ કર્તા નથી, કેમ કે ત્રિકાળીનો રચનાર ન હોય. જો રચનાર કહો તો તે પહેલાં વસ્તુ ન હતી એમ ઠરે એટલે વસ્તુનું નિત્યપણું ન રહે. વસ્તુ ત્રિકાળ સત્ છે અને તે વસ્તુ પરિણામ સ્વભાવવાળી છે. ત્રિકાળી દ્રવ્ય જ પોતાના ત્રણેકાળના વર્તમાન—વર્તમાન પરિણામને રચે છે, તે પરિણામો પણ સ્વઅવસરમાં સત્ છે, માટે તે પરિણામનો રચનાર પણ બીજો કોઈ નથી. જેમ ત્રિકાળી દ્રવ્યનો કર્તા કોઈ બીજો ઇશ્વર વગેરે નથી, તેમ તે ત્રિકાળી દ્રવ્યના વર્તમાન પરિણામનો પણ કર્તા કોઈ બીજો ( નિમિત્ત, કર્મ કે જીવ વિગેરે ) નથી. પોતાના એકેક સમયનાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમાં ટકે છે માટે દ્રવ્ય સત્ છે. જો દ્રવ્ય બીજાનાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યને અવલંબે તો તે પોતે સત્ રહી શકે નહીં. માટે જે જીવદ્રવ્યને ખરેખર 'સત્' જાણતો હોય તે દ્રવ્યનો કે દ્રવ્યની કોઈ પર્યાયનો કર્તા બીજાને ન માને; દ્રવ્યને કે દ્રવ્યની કોઈ પર્યાયનો કર્તા બીજાને માને તે જીવે ખરેખર 'સત્' ને જાણ્યું નથી.

અહો, વસ્તુના સત્ સ્વભાવને જાણ્યા વિના બહારના ક્રિયાકાંડના લક્ષે

અનંતકાળ ગાળ્યો પણ વસ્તુનો સ્વભાવ સત્ છે તેને ન જાણ્યો, તેથી જીવ સંસારમાં રખડી રહ્યો છે.

પરિણામમાં વસ્તુ પરિણમે છે, વસ્તુ પરિણામથી જુદી રહેતી નથી. એકેક સમયના પરિણામ વખતે આખી વસ્તુ સાથે વર્તી રહી છે-આમ જાણે તો, ક્ષણિક રાગ જેટલો જ પોતાને ન માનતાં તે વખતે આખી વસ્તુ રાગ રહિત પડી છે તેનો વિશ્વાસ કરે, એટલે રાગની રુચિનું જોર તૂટીને આખી વસ્તુ ઉપર રુચિનું જોર વળ્યું, એટલે કે સમ્યક્ રુચિ ઉત્પન્ન થઈ, રાગ અને આત્માનું ભેદજ્ઞાન થયું. હું પરમાં નથી વર્તતો, મારા પરિણામમાં પરવસ્તુ નથી વર્તતી, પણ હું મારા પરિણામમાં જ વર્તું છું-આમ પરિણામ અને પરિણામીની સ્વતંત્રતા જાણતાં, રુચિ પરમાં નથી જતી, પરિણામ ઉપર પણ નથી રહેતી પણ પરિણામી દ્રવ્યમાં ઘુસી જાય છે, એટલે કે સમ્યક્ રુચિ થાય છે.

'પરિણામમાં વસ્તુ વર્તે છે.' બસ! આમ નક્કી કરવામાં પર્યાયબુદ્ધિ ટળીને વસ્તુદૃષ્ટિ થઈ જાય છે, તેમાં જ વીતરાગતા રહેલી છે. મારી ભવિષ્યની કેવળજ્ઞાન પર્યાયમાં પણ આ દ્રવ્ય જ વર્તશે,—માટે ભવિષ્યની કેવળજ્ઞાન પર્યાયને જોવાનું ન રહ્યું; પણ દ્રવ્ય સામે જ જોવાનું રહ્યું; દ્રવ્યની સન્મુખતામાં અલ્પકાળે કેવળજ્ઞાન થયા વિના રહે નહિ.

અહો, હું મારા પરિણામસ્વભાવમાં છું. પરિણામ તે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ છે. તેમાં જ આત્મદ્રવ્ય વર્તે છે—આમ સ્વવસ્તુની દૃષ્ટિ થતાં પરથી લાભ-નુકશાન માનવાનો મિથ્યાભાવ ન રહ્યો; ત્યાં સમ્યગ્જ્ઞાનપર્યાયપણે ઉત્પાદ છે, મિથ્યાજ્ઞાનપર્યાયપણે વ્યય છે, ને જ્ઞાનના સળંગ પરિણામોપણે ધ્રૌવ્યતા છે.—એ રીતે આમાં ધર્મ આવે છે.

'પરિણામીના પરિણામ છે'—એમ ન માનતા જેણે પરને લઈને પરિણામ માન્યા તેણે પરિણામીને દૃષ્ટિમાં ન લીધો, પણ પોતાના પરિણામ પર કરે એમ માન્યું એટલે સ્વ-પરને એક માન્યા. તેથી તે મિથ્યાદૃષ્ટિ છે. પરિણામ પરિણામીના છે—એમ પરિણામ અને પરિણામીની સ્વતંત્રતાની રુચિમાં સ્વદ્રવ્યની સમ્યક્રુચિ ઉત્પન્ન થઈને મિથ્યારુચિનો નાશ થઈ જાય છે.

જુઓ, આ વસ્તુસ્થિતિનું વર્ણન છે. જૈનદર્શન કોઈ વાડો કે કલ્પના નથી પણ વસ્તુઓ જેવા સ્વભાવે છે તેવી સર્વજ્ઞભગવાને જોઈ છે, ને તે જ જૈનદર્શનમાં કહી છે. જૈનદર્શન કહો કે વસ્તુનો સ્વભાવ કહો; તેનું જ્ઞાન કર તો તારું જ્ઞાન

સાચું થશે ને ભવનું પરિભ્રમણ ટળશે. જો વસ્તુના સ્વભાવને વિપરીત માનીશ તો અસતવસ્તુની માન્યતાથી તારું જ્ઞાન મિથ્યા થશે અને તારું પરિભ્રમણ મટશે નહિ; કેમકે મિથ્યાત્વને જ મોટું પાપ ગણવામાં આવ્યું છે, તે જ અનંત સંસારનું મૂળ છે.

ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત પરિણામ છે તે સ્વભાવ છે અને સ્વભાવ છે તે સ્વભાવવાનને લીધે છે—આમ સ્વભાવ અને સ્વભાવવાનને દૃષ્ટિમાં લેતાં, ક્યાંય પરના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યને હું કરું કે મારા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યને પર કરે એ વાત રહેતી નથી, એટલે પોતે પોતાના સ્વભાવવાન તરફ વળીને જ્ઞાતા થઈ જાય છે, તેમાં જ ધર્મ આવી ગયો. લોકોએ બહારમાં ધર્મ માન્યો છે, પણ વસ્તુસ્થિતિ અંતરની છે. લોકોએ માનેલા ધર્મમાં અને વસ્તુસ્થિતિમાં આથમણો ઉગમણો ફેર છે.

'વસ્તુ' તેને કહેવાય કે પોતાના ગુણ-પર્યાયમાં વસે. પોતાના ગુણ-પર્યાયથી બહાર વસ્તુ કાંઈ ન કરે ને વસ્તુના ગુણ-પર્યાયને બીજો ન કરે. આવા ભિન્ન ભિન્ન તત્ત્વાર્થનું શ્રદ્ધાન તે સમ્યગ્દર્શન છે. પહેલાં સમ્યગ્દર્શન થયા પછી શ્રાવકના અને મુનિનાં વ્રત વગેરે હોય. સમ્યગ્દર્શન વગર વ્રતાદિ માને તે તો 'રાખ પર લીંપણું' જાણો. આત્માની પ્રતીત થયા વગર ક્યાં રહીને વ્રતાદિ કરશે?

જેમ ગાડા નીચે ચાલતું કૂતરું જાણે કે મારાથી ગાડું ચાલે છે, પણ ગાડાના પરિણામમાં તેના દરેક પરમાણુ વર્તી રહ્યા છે ને કૂતરાના રાગાદિ પરિણામમાં કૂતરું છે, ગાડું અને કૂતરું કોઈ એક બીજાના પરિણામમાં વર્તતા નથી. છતાં કૂતરું મફતનું માને છે કે 'મારાથી ગાડું ચાલે છે.' તેમ પર વસ્તુના પરિણામ સ્વયં તેનાથી થાય છે, તેને દેખીને અજ્ઞાની જીવ મફતનો એમ માને છે કે પરના પરિણામ મારાથી થાય. પણ તેમ થતું નથી. દરેક તત્ત્વના પરિણામ સત્ છે. તેમાં બીજો શું કરે? આવો સ્વતંત્ર વસ્તુનો સ્વભાવ છે, તે જ સર્વજ્ઞ ભગવાને જ્ઞાનમાં જોયો છે. કોઈ ભગવાને જોયો માટે તેવો વસ્તુનો સ્વભાવ છે એમ નથી, તેમ જ તેવો વસ્તુનો સ્વભાવ છે માટે તેવું ભગવાનને તેનું જ્ઞાન થયું—એમ પણ નથી. જ્ઞેય વસ્તુનો સ્વભાવ સત્ છે, તે જ્ઞાન પણ સત્ છે. પ્રથમ આવા સત્ સ્વભાવને સમજો. જે આવા સ્વભાવને સમજે તેણે જ વસ્તુને વસ્તુપણે ઓળખી કહેવાય.

કર્મ-પરિણામમાં પુદ્ગલો વર્તે છે, ને આત્માના પરિણામમાં આત્મા વર્તે છે; કોઈ એકબીજાના પરિણામમાં વર્તતા નથી, એટલે કર્મો આત્માને રખડાવતાં નથી. પોતાના સ્વતંત્ર પરિણામને ન જાણતાં, કર્મ મને રખડાવે એમ માન્યું છે તે ઊંધી માન્યતાથી જ જીવ રખડી રહ્યો છે. પણ કર્મે તેને રખડાવ્યો નથી; તે રખડવાના

પરિણામમાં આત્મા વર્તી રહ્યો છે. સમયે સમયે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય થવાનો દરેક વસ્તુનો સ્વભાવ છે—એ સમજે તો પરિણામી દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય છે અને દ્રવ્યદૃષ્ટિમાં સમ્યક્‌ત્વ ને વીતરાગતાનો ઉત્પાદ થાય છે, તે ધર્મ છે.

જો દ્રવ્યના એક સમયનું સત બીજાથી થાય તો તે દ્રવ્યનું વર્તમાન સત્‌પણું નથી રહેતું અને વર્તમાન સત્‌નો નાશ થતાં ત્રિકાળી સત્‌નો પણ નાશ થઈ જાય છે, અર્થાત્ વર્તમાન પરિણામને સ્વતંત્ર સત માન્યા વિના ત્રિકાળી દ્રવ્યનું સત્‌પણું સાબિત થતું નથી; માટે દ્રવ્યનું વર્તમાન બીજાથી (નિમિત્તથી) થાય એ માન્યતામાં મિથ્યાત્વ થાય છે, તેમાં સત્‌નો સ્વીકાર આવતો નથી. સત્‌નો તો નાશ થતો નથી. પણ જેણે સત્‌ને ઊંધું માન્યું તેની માન્યતામાં સત્‌નો અભાવ થાય છે. ત્રિકાળી સત સ્વતંત્ર, કોઈના કર્યા વગરનું છે તેમ જ એકેક સમયનું વર્તમાન સત્ પણ સ્વતંત્ર, કોઈના કર્યા વગરનું છે.—આવા સ્વતંત્ર સત્‌ને ઊંધું-પરાધીન માનવું તે મિથ્યાત્વ છે, તે જ મોટો અધર્મ છે. લોકો કાળાબજાર વગેરેમાં તો અધર્મ માને છે પણ ઊંધી માન્યતાથી આખા વસ્તુસ્વરૂપને હણી નાખે છે તે ઊંધી માન્યતાના પાપની ખબર નથી.

મિથ્યાત્વ તે તો ધર્મનો મોટો કાળો બજાર છે, તે કાળાબજારથી ચોરાશીના અવતારની જેલ મળે છે. સત્‌ને જેમ છે તેમ માને તો મિથ્યાત્વરૂપ કાળાબજારનું મોટું દુઃખ ટળે ને સાચો ધર્મ થાય. માટે સર્વજ્ઞદેવે કહેલાં વસ્તુસ્વભાવને બરાબર સમજવો જોઈએ.

---

મકાન મંદિર આદિ પુદ્‌ગલદ્રવ્યમાં વિસ્તરે છે—જાહેર કરે છે. ગલૂડિયું કૂતરીમાં વિસ્તરે છે—જાહેર કરે છે, આંગળી પકડીને ચાલતો છોકરો તે તેના બાપનો છે તેમ વિસ્તરે છે—જાહેર કરે છે, ધન-સંપત્તિ ધનવંતને જાહેર કરે છે. તેમ પુણ્ય-પાપના ભાવ, તીર્થંકરગોત્રનો ભાવ પુદ્‌ગલની સાથે તાદાત્મ્ય જાહેર કરે છે—વિસ્તરે છે, ભગવાન ચિદાનંદ આત્માને તે પ્રસિદ્ધ કરતા નથી.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# ✽ મોક્ષ-પુરુષાર્થની ઉત્તમતા ✽

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૭૮ )

આ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. તેનો પ્રથમ અધિકાર પૂરો થયો. આજે બીજો અધિકાર શરૂ થાય છે. તેમાં ૨૧૪ ગાથા સૂત્રો દ્વારા મોક્ષફલ અને મોક્ષમાર્ગના કથનની મુખ્યતાથી બીજો મહા અધિકાર આરંભ કરીએ છીએ—એમ શ્રી યોગીન્દ્રદેવ કહે છે.

પ્રથમ દશ દોહા સુધી મોક્ષની મુખ્યતાથી કથન કરે છે.

सिरिगुरु अक्खहि मोक्खु महु मोक्खहँ कारणु तत्थु ।
मोक्खहँ केरउ अण्णु फलु जे जाणउँ परमत्थु ॥ १ ॥

શિષ્ય પ્રભાકર ભટ્ટ શ્રી યોગીન્દ્રદેવને પ્રાર્થના કરે છે કે હે શ્રી ગુરુ! મને મોક્ષ અને મોક્ષનું સત્યાર્થ કારણ કહો તથા મોક્ષનું ફળ કહો જેથી હું પરમાર્થને જાણી શકું. આમ પ્રભાકર ભટ્ટ મોક્ષ, મોક્ષનું કારણ અને તેનું ફળ શું છે તે ગુરુને પૂછે છે ત્યારે શ્રીગુરુ તે ત્રણેયનું સ્વરૂપ ક્રમથી કહે છે.

जोइय मोक्खु वि मोक्ख फलु पुच्छिउ मोक्खहँ हेउ ।
सो जिण भासिउ णिसुणि तुहुँ जेण वियाणहि भेउ ॥ २ ॥

અર્થ:—હે યોગી! તેં મોક્ષ, મોક્ષનું કારણ અને મોક્ષનું ફળ પૂછ્યું છે તો તેનો ઉત્તર જિનેશ્વરદેવના કહ્યાં પ્રમાણે હું કહું છું તો નિશ્ચય કરીને તું સાંભળ! જેથી તેના ભેદો સારી રીતે તું સમજી શકે. જિનેશ્વરદેવે જેવું દેખ્યું છે તેવું જ કહ્યું છે. સર્વજ્ઞપરમેશ્વરે ત્રણકાળ ત્રણલોકને એક સમયમાં જેમ છે તેમ જ્ઞાનમાં જાણ્યા છે. જે પર્યાય જે કાળે જે પ્રકારે જ્યાં જેવી થવાની છે તેવી જ વ્યવસ્થિત ભગવાને જોઈ છે, જાણી છે અને કહી છે. જોયું છે જુદું અને કહે છે જુદું—એમ નથી.

ભાવાર્થ:—શ્રી યોગીન્દ્રદેવગુરુ શિષ્યને કહે છે કે હે પ્રભાકર! શુદ્ધાત્માની પ્રાપ્તિરૂપ મોક્ષ, કેવળજ્ઞાનાદિ અનંતચતુષ્ટય પ્રગટવારૂપ મોક્ષફળ અને નિશ્ચયવ્યવહાર રત્નત્રયરૂપ મોક્ષનો માર્ગ આ ત્રણેયને ક્રમથી હું જિનઆજ્ઞા અનુસાર કહીશ. તેને તું સારી રીતે ચિત્તમાં ધારણ કરીશ તો તને બધા ભેદો ખ્યાલમાં આવી જશે. તું

નિશ્ચય કરીને સાંભળ એટલે કે બરાબર સાંભળ ! મોક્ષ, મોક્ષનું કારણ અને તેના ફળની જુદાઈ જે રીતે છે તે રીતે ભગવાનનું કહેલું હું તને કહું છું તે તું સાંભળ !

શુદ્ધસ્વભાવની પર્યાયમાં પૂર્ણ પ્રાપ્તિ થવી તેનું નામ મોક્ષ છે. 'મોક્ષ કહ્યો નિજશુદ્ધતા' આત્મા વસ્તુ તરીકે તો પૂર્ણશુદ્ધ છે જ પણ તેની પર્યાયમાં પૂર્ણશુદ્ધતા પ્રગટ થવી તેનું નામ મોક્ષ છે. પર્યાયમાં અશુદ્ધતા છે તેનું નામ સંસાર છે. પર્યાયમાં મિથ્યાત્વ, રાગ, દ્વેષ આદિ ભાવ થાય છે તે અશુદ્ધતા છે—તે જ સંસાર છે તેનો અભાવ અને પૂર્ણ શુદ્ધતાની પ્રાપ્તિ તે મોક્ષ છે.

કેવળજ્ઞાનાદિ અનંત ચતુષ્ટયનું પ્રગટ થવું તે મોક્ષનું ફળ છે. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંતવીર્ય એ ચાર અનંત ચતુષ્ટય છે તેનું પ્રગટપણું તે મોક્ષનું ફળ છે.

હવે સત્યાર્થ મોક્ષનું કારણ શું છે?—કે નિશ્ચયરત્નત્રય અને વ્યવહારરત્નત્રય એ મોક્ષનું કારણ અર્થાત્ મોક્ષમાર્ગ છે. આ ત્રણેયને ક્રમથી જિનઆજ્ઞા પ્રમાણે કહીશ તેને તું સારી રીતે સાંભળજે.

સ્વદ્રવ્યના આશ્રયે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાય પ્રગટે તે નિશ્ચય મોક્ષમાર્ગ છે અને તે સમય સાથે વિકલ્પરૂપ રત્નત્રય છે તે વ્યવહારરત્નત્રય છે તે નિશ્ચયનું નિમિત્ત હોવાથી પ્રમાણજ્ઞાનમાં તેને સાચું કારણ ગણીને મોક્ષમાર્ગ કહ્યો છે. ખરેખર તો મોક્ષમાર્ગ બે નથી, તેનું કથન બે પ્રકારે છે. મોક્ષમાર્ગ તો એક જ છે. શુદ્ધ પરમાનંદમૂર્તિનો આશ્રય કરીને સમ્યક્ નિશ્ચય થાય અને તેનું સ્વસંવેદન થાય તથા અરાગી પરિણતિરૂપ ચારિત્ર થાય તે અભેદરત્નત્રય જ મુક્તિનું કારણ છે. તેની સાથે સહાયક તરીકે જે વિકલ્પો હોય છે તેને વ્યવહારથી સાધક કહેવામાં આવે છે. સ્વાશ્રયપણે પોતે સ્વયં પરિણમે છે ત્યારે નિમિત્ત તરીકે જે વિકલ્પો હોય છે તેને વ્યવહારે સહાયક—સાધક-નિમિત્ત કહેવામાં આવે છે.

અહીં પ્રમાણજ્ઞાન કરાવવું છે તેથી બે મોક્ષમાર્ગ કહ્યાં છે. નિશ્ચયરત્નત્રયરૂપ મોક્ષમાર્ગની સાથે શ્રદ્ધામાં દેવ-શાસ્ત્ર-ગુરુનો જ વિકલ્પ હોય, નવતત્ત્વની શ્રદ્ધાનો જ વિકલ્પ હોય, શાસ્ત્રજ્ઞાન હોય અને પંચ મહાવ્રતાદિનો જ વિકલ્પ હોય એમ વિકલ્પની મર્યાદા બતાવવા તેને વ્યવહારથી આરોપ કરીને મોક્ષમાર્ગ કહેવામાં આવ્યો છે. ચોથા ગુણસ્થાનથી જ નિશ્ચય મોક્ષમાર્ગ શરૂ થઈ જાય છે ત્યારથી સાથે આવતાં વિકલ્પને વ્યવહાર મોક્ષમાર્ગ કહેવામાં આવે છે.

હવે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થમાંથી સુખનું મૂળ કારણ

'મોક્ષ' જ સૌથી ઉત્તમ છે. મોક્ષમાં જ ખરું સુખ છે. ધર્મ એટલે પુણ્ય, અર્થ એટલે પૈસા અને કામ એટલે ભોગો એ ત્રણેયમાં ક્યાંય સુખ નથી. પુરુષાર્થ તો ચારેયમાં છે—વ્યવહારધર્મરૂપ પુણ્યમાં રાગનો શુભ પુરુષાર્થ છે, અર્થમાં પૈસા કમાવાનો અશુભ પુરુષાર્થ છે અને કામમાં ભોગો ભોગવવાનો અશુભ પુરુષાર્થ છે. પણ એ ત્રણેય પુરુષાર્થમાં આકુળતા અને દુઃખ છે, સુખ નથી. તેથી જ્ઞાની પુરુષો મોક્ષને જ ઉત્તમ પુરુષાર્થ કહે છે. ધર્મ, અર્થ અને કામમાં કલ્પનાનું સુખ છે પણ વાસ્તવિકસુખ નથી—પરમસુખ નથી.

ભાવાર્થ:—નિશ્ચયધર્મ જ્યાં હોય ત્યાં શુભભાવરૂપ વ્યવહારધર્મનો વિકલ્પ હોય જ છે. તે પુણ્ય છે પણ તેને વ્યવહારથી ધર્મ કહેવાય છે અને પુણ્યના ફળને અર્થ કહેવાય છે. રાજ્ય વગેરે સંપદાઓ પુણ્યના ફળથી મળે છે. સ્ત્રી, પુત્ર, કુટુંબ, પૈસા આદિ બધું પુણ્યનું ફળ છે. પૂર્વે પુણ્ય કર્યું હોય તેના ફળમાં આવો સંયોગ મળે છે. વર્તમાનમાં પૈસા કમાવાનો રાગ કરે છે તેનાથી પૈસા આદિ સંયોગ મળતો નથી. જો કમાવાના રાગથી પૈસા મળતાં હોય તો તો બધાંને મળવા જોઈએ પણ બધાંને મળતા નથી. જેણે પૂર્વે જેટલું પુણ્ય કર્યું હોય તેના પ્રમાણમાં પૈસા અને રાજ્ય આદિ વૈભવ મળે છે. આ અધિકારની જ ૬૦મી ગાથામાં કહ્યું છે કે પુણ્યથી ઘરમાં ધનાદિ મળે છે. ધનથી મિથ્યાદષ્ટિને અભિમાન થાય છે અને માનથી બુદ્ધિ ભ્રષ્ટ થાય છે તેનાથી પાપ બંધાય છે માટે આવા પુણ્ય અમને ન જોઈએ.

આ મિથ્યાદષ્ટિની વાત છે. સમ્યગ્દષ્ટિને ધનાદિથી અભિમાન થતું જ નથી. પૂર્વપુણ્યથી તેને પણ ધનાદિ તો મળે છે પણ તેને 'આ મારા છે' એમ ધર્મી માનતા નથી તેથી અભિમાન થતું નથી. સમ્યગ્દષ્ટિને તો એક જ્ઞાનાનંદસ્વભાવમાં જ મારાપણું છે. પુણ્યના ભાવ ઊઠે છે તેને પણ 'મારાં' માનતા નથી તો તેના ફળમાં મળેલા સંયોગને પોતાના કેમ માને! અજ્ઞાનીને તો સંયોગનું સ્વામીપણું લાગતું હોવાથી તેના પ્યાલા ફાટી જાય છે. તેથી બુદ્ધિ ભ્રષ્ટ થઈને પાપ બાંધે છે. તેથી ધર્મી કહે છે કે આવા પુણ્ય અમારે જોઈતા નથી. ધર્મીને શુદ્ધ પવિત્ર આત્માની દષ્ટિ છે અને પવિત્રતાની જ ભાવના કરે છે, પુણ્યની ભાવના ધર્મી કરતા નથી. વ્યવહારે એમ કહેવાય કે ધર્મી વ્યવહારરત્નત્રયને આરાધે છે પણ નિશ્ચયથી ધર્મીને તેનું આરાધન નથી.

શ્રોતા:—લોકો તો ધર્મ કરીને પણ સંયોગો જ માંગે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી:—મૂઢ હોય તે એ જ માંગે ને! એને ધર્મ તો છે જ ક્યાં? પુણ્ય કરીને પૈસા માંગે, સ્ત્રી માંગે, રોટલાં માંગે, શરીરની સુંદરતા માંગે...એ તો

બધું ઓશિયાળાપણું થયું. ધર્મ કરીને પણ એ પરવશતા જ માંગે છે. ધર્મી તો એક શુદ્ધ ચૈતન્યની પૂર્ણ દશાની પ્રાપ્તિની માંગણી કરે છે. બીજી કોઈ ભાવના ધર્મીને હોતી નથી.

ધર્મ, અર્થ અને કામ એ ત્રણેયમાં પરમસુખ નથી એટલે કે આત્માનું સુખ નથી. ક્લેશ અને દુઃખ જ છે. ધર્મ એટલે પુણ્યમાં શુભભાવ છે અને અર્થ અને કામમાં અશુભભાવ છે માટે ત્રણેયમાં આકુળતા છે. બોલો શેઠ! પૈસા મેળવવાનો ભાવ દુઃખરૂપ છે કે નહિ?

પરમાનંદની પ્રાપ્તિરૂપ મોક્ષ જ પરમસુખરૂપ છે, બાકી બધો પુરુષાર્થ દુઃખરૂપ છે. ધર્મનો પુરુષાર્થ શુભભાવરૂપ દુઃખરૂપ છે અને અર્થ તથા કામનો પુરુષાર્થ અશુભભાવરૂપ દુઃખરૂપ છે. એક કેવળજ્ઞાનનો પુરુષાર્થ જ સુખરૂપ છે—મોક્ષનું કારણ છે.

વીતરાગ સર્વજ્ઞદેવે આમ જાણ્યું છે કે ત્રણ પુરુષાર્થમાં દુઃખ છે અને એક મોક્ષના પુરુષાર્થમાં જ સુખ છે—એવું જાણ્યું છે તેવું જ ભગવાને કહ્યું છે અને એવું જ છે. વસ્તુનું સ્વરૂપ અનેકાંત છે પણ ભગવાને નિયત કહ્યું છે એમ અમે સિદ્ધ કરવા માગતા નથી. આ જગ્યાએ ૩૫૦૦ રૂા. પડયા છે એમ લખ્યું છે, એટલાં જ રૂપિયા ત્યાંથી નીકળે છે અને એટલા જ જ્ઞાનમાં જણાય છે તેમ જગતમાં દ્રવ્ય, ગુણ, પર્યાય આ રીતે રહેલા છે એમ ભગવાન કહે છે, એમ જ જગતમાં છે અને એમ જ ભગવાને જાણ્યું છે. જે જાણ્યું છે તે જ કહે છે.

હવે પોતાના આત્માને પૂછો કે ભગવાન કમાવાના ભાવને દુઃખરૂપ કહે છે તો તને દુઃખરૂપ લાગે છે કે સુખરૂપ લાગે છે? છન્નુહજાર રાણીનો ભોગનો ભાવ પાપરૂપ દુઃખરૂપ છે, ઇન્દ્રને ઇન્દ્રના વૈભવના ભોગનો ભાવ પાપરૂપ દુઃખભાવ છે અને રાગની મંદતારૂપ ભાવ શુભરૂપ દુઃખભાવ છે એમ બે અશુભ અને શુભ એમ ત્રણેય ભાવ દુઃખરૂપ છે.

શ્રોતાઃ—તો શું આવા ભાવોને દૂર કરવા?

પૂજ્ય ગુરુદેવશ્રીઃ—ભૂમિકા અનુસાર શુભ અને અશુભભાવ આવ્યા વિના તો રહેશે જ નહિ પણ તે દુઃખરૂપ છે એમ સમજવું જોઈએ. વીતરાગ થયો નથી ત્યાં સુધી કમાવાનો, ભોગનો, દયા-દાનાદિનો, વગેરે ભાવ આવશે તો ખરો જ પણ તે ભાવ દુઃખરૂપ અને ક્લેશરૂપ છે માટે તેમાં મજા ન માનવી. ભોગમાં મજા ન માનવી કેમકે તેનો પુરુષાર્થ જ પાપરૂપ છે. એક મોક્ષનો પુરુષાર્થ જ સુખદાયક છે,

બાકી ત્રણેય પુરુષાર્થ દુઃખદાયક કલેશરૂપ છે. માટે પુણ્યના ફળમાં મજા ન માનવી કેમકે તેનો પુરુષાર્થ પાપરૂપ છે.

ધર્મ-પુરુષાર્થ શુભભાવરૂપ છે પણ તે આકુળતારૂપ હોવાથી દુઃખદાયક છે. અર્થ-પુરુષાર્થ અશુભભાવરૂપ છે, દુઃખરૂપ છે, કલેશરૂપ છે. કામ-પુરુષાર્થમાં પણ વીર્ય તો કામ કરે છે પણ અશુભરૂપ હોવાથી દુઃખદાયક અને કલેશમય છે. એક મોક્ષપુરુષાર્થ જ સુખરૂપ છે. મોક્ષમાર્ગ અને તેનું ફળ બંને સુખરૂપ છે એટલે કે શુદ્ધપરિણામ જ સુખરૂપ છે. અશુદ્ધ એવા શુભ અને અશુભ બંને પરિણામ દુઃખરૂપ છે.

મોક્ષમાર્ગ કદી દુઃખરૂપ ન હોઈ ન શકે. મોક્ષમાર્ગીને એમ ન થાય કે અરે! મારે કષ્ટ સહન કરવું પડે છે, મને દુઃખ થાય છે. તે તો આનંદથી મોક્ષની સાધના કરે છે. મોક્ષમાર્ગ સુખરૂપ છે અને પૂર્ણસુખનું કારણ છે. મોક્ષમાર્ગ આનંદરૂપ છે અને પૂર્ણ આનંદનું કારણ છે.

આમ, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારેય પુરુષાર્થ છે પણ તેમાં મોક્ષ-પુરુષાર્થ સિવાય બાકીના ત્રણેય પુરુષાર્થ દુઃખદાયક છે, આકુળતા ઉપજાવવાવાળા છે. વીતરાગ પરમાનંદસુખરૂપ અમૃતરસના આસ્વાદથી વિપરીત સ્વાદવાળા હોવાથી સુખ કરવાવાળા નથી. તેથી વીતરાગ સર્વજ્ઞદેવે એક મોક્ષપુરુષાર્થને જ સૌથી ઉત્તમ કહ્યો છે.

ભગવાન આત્મા તો અતીન્દ્રિય અનાકુળ આનંદની મૂર્તિ છે તેની પર્યાયમાં રાગરહિત પરમાનંદ સુખરૂપ અમૃતરસનો આસ્વાદ લેવો તે તેની નિર્મળતા છે—સુખરૂપ છે—સંવર-નિર્જરારૂપ છે અને તેનાથી વિપરીત આસ્રવબંધ દુઃખરૂપ છે. ધર્મ, અર્થ અને કામ એ ત્રણેય નવતત્ત્વની અંદર આસ્રવ-બંધતત્ત્વમાં સમાય છે. એ આસ્રવ-બંધનું ફળ સંસાર છે અને વીતરાગ પરમાનંદની શાંતિનું પરિણમન સંવર અને નિર્જરારૂપ છે તેનું ફળ મોક્ષ છે. આત્મા જ્ઞાયક છે તે જીવતત્ત્વ છે, અજીવતત્ત્વ તેનાથી ભિન્ન છે. જીવના વિકારી પરિણામ આસ્રવ-બંધરૂપ છે અને અવિકારી પરિણામ સંવર-નિર્જરારૂપ છે અને તેનું ફળ મોક્ષરૂપ છે. આમ, આમાં સાતેય તત્ત્વ આવી જાય છે. એક એક ગાથામાં મુનિરાજ ઘણું સમાવી દે છે.

શ્રોતાઃ—પુણ્યને તો ધર્મ-પુરુષાર્થ કહ્યો છે ને!

પૂજ્ય ગુરુદેવશ્રીઃ—પુણ્ય ખરેખર ધર્મ નથી, વ્યવહારધર્મ છે. ધર્મ નથી છતાં તેને ધર્મ કહેવો તે વ્યવહાર છે.

શ્રોતા:—શબ્દો એવા છે કે ભૂલાવામાં પડી જવાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી:—શબ્દથી કોઈ ભૂલાવામાં પડતું નથી. ઓછી સમજણના કારણે ભૂલાવામાં પડે છે. શબ્દો ભૂલાવાનું કારણ હોય તો બધાંને ભૂલ થવી જોઈએ પણ એમ નથી. એની અણસમજણ ભૂલનું કારણ થાય છે. અર્થ અને ભોગથી જુદો બતાવવા માટે પુણ્યને વ્યવહારે ધર્મ કહ્યો છે.

શ્રદ્ધા, જ્ઞાન યથાર્થ થયા વિના ધર્મ થતો નથી. પૂર્ણાનંદની મૂર્તિ તે 'આત્મતત્ત્વ' છે. તેની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની દશા તે 'સંવર-નિર્જરાતત્ત્વ' છે. તેનાથી વિપરીત પુણ્ય અને પાપ છે તે આસ્રવતત્ત્વના જ ભેદ છે. તેનાથી જે દ્રવ્યબંધ થાય છે તે અજીવ-જડકર્મ છે. આમ, જીવ. જડ અને જીવની સ્વભાવ અને વિભાવદશા બધું જુદું છે. જીવતત્ત્વનો આદર કરતાં સંવર-નિર્જરા પ્રગટ થાય છે ત્યારે આસ્રવ-બંધનું જ્ઞાન થાય છે પણ જીવ તે આસ્રવ-બંધરૂપ થતો નથી. જ્ઞાન આસ્રવ-બંધમાં ભળતું નથી.

જોયું! શુદ્ધશ્રદ્ધા, જ્ઞાન થતાં આસ્રવ-બંધ સંબંધીનું પણ જ્ઞાન થાય છે પણ આસ્રવ-બંધ જ્ઞાનમાં આવી જતાં નથી. શુદ્ધચૈતન્યમૂર્તિ આત્માની શ્રદ્ધા. જ્ઞાન અને સ્થિરતા સંવર-નિર્જરામાં સમાય છે. વસ્તુ સુખરૂપ છે અને તેની દશા પણ સુખરૂપ થઈ ગઈ. શુભ અને અશુભભાવ થાય છે તે દુ:ખરૂપદશા છે તે સુખરૂપદશામાં ભળી જતી નથી. પણ જ્ઞાન તેને જેમ છે તેમ જાણી લે છે કે પર્યાયમાં શુભાશુભરાગ છે અને તે દ્રવ્યબંધ થવામાં નિમિત્ત છે. દ્રવ્યબંધ અને ભાવબંધ જીવના અસ્તિત્વમાં આવતાં નથી. કેમકે તે અજીવ છે તેથી જીવના અસ્તિત્વમાં આવતાં નથી પણ જીવને તે સંબંધીનું જ્ઞાન થાય છે.

બાપુ! મોક્ષનો મારગ ઝીણો છે તે કાંઈ સાધારણ પુરુષાર્થથી મળી જાય તેવો નથી.

અહા! પૂર્ણ શુદ્ધ મુક્તદશા પ્રગટ થતાં આસ્રવ-બંધ તો રહેતા નથી અને તેનું જ્ઞાન પણ કરવાનું નથી. જે જડકર્મો જીવના સંબંધમાં હતાં તે દુનિયામાં ભળી ગયા તેથી આખી દુનિયાના જ્ઞાનમાં તેનું જ્ઞાન પણ આવી જાય છે.

ગુરુ શિષ્યને કહે છે કે હે ભાઈ! આમ તું જાણ! પુણ્ય-પાપને દુ:ખરૂપ જાણ અને સુખસ્વરૂપીના શ્રદ્ધા-જ્ઞાન તથા ચારિત્રને સુખરૂપ જાણ અને અજીવને જ્ઞેય તરીકે જાણ! શિષ્યે મોક્ષ. મોક્ષનું કારણ અને મોક્ષનું ફળ પૂછયું હતું તેના જવાબમાં શ્રીગુરુએ આત્માની પૂર્ણ શુદ્ધદશારૂપ મોક્ષ અને તેના કારણભૂત સમ્યગ્દર્શન-જ્ઞાન-

ચારિત્રરૂપ સંવર-નિર્જરાતત્ત્વ અને તેના કારણભૂત જીવતત્ત્વ આદરવાયોગ્ય છે અને તેનાથી વિપરીત એવા આસ્રવ-બંધ હેય છે એમ સમજાવીને અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંતવીર્યરૂપ અનંતચતુષ્ટયના ફળને બતાવ્યું છે. આમ મોક્ષ, મોક્ષનું કારણ અને તેના ફળનું જ્ઞાન થતાં આસ્રવ, બંધ અને અજીવતત્ત્વનું જ્ઞાન પણ સાથે થઈ જાય છે. ત્રણની અસ્તિના જ્ઞાન સાથે તેમાં જેની નાસ્તિ છે એવા તત્ત્વનું જ્ઞાન પણ આવી જાય છે.

હવે આગળ જિનેશ્વરદેવનું દૃષ્ટાંત આપીને ગુરુ વધારે દૃઢ કરે છે કે મોક્ષ જ ઉત્તમ પુરુષાર્થ છે.

જો ધર્મ, અર્થ, કામ આ ત્રણથી મોક્ષ ઉત્તમ ન હોય તો આ ત્રણેયને છોડીને જિનેશ્વરદેવ મોક્ષમાં કેમ જાય? એમ કહીને ગુરુ મોક્ષનું ઉત્તમપણું સિદ્ધ કરે છે. ગુરુને મનમાં તીર્થંકર તરવરે છે એટલે તેમનો જ દાખલો આપ્યો. જો પુણ્ય-પાપમાં જ સુખ હોત તો ભગવાન તેને છોડીને પૂર્ણાનંદદશાને શા માટે પ્રાપ્ત કરે!

जइ जिय उत्तमु होइ णवि एयहँ सयलहँ सोइ ।
तो किं तिण्णि वि परिहरवि जिण वच्चहिँ पर-लोइ ॥ ४ ॥

અર્થઃ—હે જીવ! જો આ બધાંથી મોક્ષ જો ઉત્તમ ન હોય તો શ્રી જિનવરદેવ ધર્મ, અર્થ, કામ ને છોડીને મોક્ષમાં કેમ જાય! મોક્ષ જ સૌથી ઉત્તમ છે માટે જાય છે.

શુભભાવ અને અશુભભાવરૂપ પુરુષાર્થથી સુખ હોય તો ભગવાન તેને છોડીને મોક્ષમાં શું કામ જાય! જિનેશ્વરદેવને પુણ્યના ફળની તો કોઈ ખામી ન હતી, ઇન્દ્રો તો જેના સેવક હતા, સ્ત્રી, પુત્ર, ધનાદિ સંયોગમાં કોઈ કમી ન હતી છતાં તેને છોડીને, તેને ભોગવવાના ભાવને છોડીને શુદ્ધદશા શા માટે પ્રગટ કરે! શુદ્ધદશારૂપ મોક્ષમાં ઉત્તમ સુખ ન હોય તો ભગવાન શુભાશુભભાવને શા માટે છોડે!

આગળ આવ્યું હતું કે પ્રભુ! તમારી ચારિત્રદશા અને અમારી ચારિત્રદશામાં કાંઈ ફેર નથી હો. તમે ૯૬,૦૦૦ રાણી અને દેવ જેવા સેવકોને છોડ્યા માટે તમારું ચારિત્ર ઊંચું અમે કૂબા છોડયાં માટે અમારું ચારિત્ર નીચું ઓછું—એમ નથી.

યોગીન્દ્રદેવે પરમાત્મપ્રકાશને કોઈ જુદી રીતે જ મલાવ્યું છે. ભગવાનને કહે છે કે અમે પણ તમારી જેવા જ ચારિત્રવંત છીએ. જે ચીજો છોડીને ચારિત્ર ગ્રહણ કર્યું તે ચીજથી ચારિત્રની મોટાઈ નથી. જેનાથી લક્ષ ખસેડ્યું છે તે ચીજ મોટી હોય કે વધારે હોય કે ઓછી હોય તેની સાથે કાંઈ સંબંધ નથી. પ્રભુ! તમે પણ

પરથી લક્ષ ખસેડીને સ્વમાં લગાવ્યું અને અમે પણ પરથી લક્ષ ખસેડીને અમારામાં લગાવ્યું છે. માટે આપણું ચારિત્ર સમાન છે.

ભાવાર્થ:—પર અર્થાત્ ઉત્કૃષ્ટ, મિથ્યાત્વ રાગાદિ રહિત કેવલજ્ઞાનાદિ અનંતગુણ સહિત પરમાત્મા તે પર છે, તે પરમાત્માનો લોક અર્થાત્ અવલોકન વીતરાગ પરમાનંદ સમરસીભાવનો અનુભવ—તેને પરલોક કહેવામાં આવે છે. આવા પરલોકને અવલોકવામાં જે લાગી ગયા તે જીવો સંયોગોને અવલોકવા ઊભા રહેતાં નથી.

ચક્રવર્તીને ૯૬,૦૦૦ રાણીમાંથી કોઈ વૃદ્ધ થાય કે અર્જિકા થાય કે એવું કાંઈ બને તો બીજી રાણી આવી જાય પણ આંકડો ફરે નહિ. એવા ભોગોને છોડીને આપે ચારિત્ર ગ્રહ્યું અને અમે તુચ્છ ભોગોને છોડીને ચારિત્ર ગ્રહ્યું પણ તમારા કે અમારા ચારિત્રમાં કાંઈ ફેર નથી. તમે એવા પુરુષાર્થથી મોક્ષ લીધો છે અને અમે એવો પુરુષાર્થ કરીને મોક્ષ લેવાના છીએ. તમારા અને અમારા ચારિત્રના પુરુષાર્થમાં જરાયે ફેર નથી.

આ બધા આતમરામના ખેલ છે.

ભગવાન કોનું અવલોકન કરે છે!—નિજ આત્માનું અવલોકન કરે છે. નિજ પરમાત્મા તે પરલોક છે તેનું અવલોકન કરે છે. સાધકદશા હતી ત્યાં સુધી શુભાશુભભાવ અને તેનું જ્ઞાન હતું. હવે તો શુભાશુભભાવ પણ નથી અને તેનું જાણવું પણ રહ્યું નથી. એકલો પરમાત્મા રહ્યો છે. તેને વીતરાગ પરમાનંદની પર્યાયથી અવલોકે છે. તેમાં ઉત્કૃષ્ટ સુખ છે માટે ભગવાન મોક્ષમાં ગયા છે.

પુણ્ય-પાપ અને ભોગોમાં ક્યાંય સુખ નથી, મોક્ષમાં જ સુખ છે એમ બતાવીને યોગીન્દ્રદેવ મોક્ષનો પુરુષાર્થ કરાવવા માંગે છે. [ ક્રમશઃ ]

---

પરમાર્થે ઘડાને તથા માટીને વ્યાપ્ય-વ્યાપકભાવનો સદ્ભાવ છે, તેથી ઘડો તે કર્મ-કાર્ય છે અને માટી તેનું કારણ—કર્તા છે; પણ કુંભાર તેનું કારણ નથી. તેમ વિકારી પરિણામ તે પુદ્ગલના પરિણામ હોવાથી વિકારી પરિણામને ને પુદ્ગલને વ્યાપ્ય-વ્યાપકપણું છે, માટે રાગના પરિણામનો કર્તા પુદ્ગલ છે, જીવ રાગનો કર્તા નથી.

—સ્વાનુભવરત્નવિભૂષિત પૂજ્ય ગુરુદેવશ્રી

## ⊞ વૈરાગ્યજનની : બાર ભાવના ⊞

[ શ્રી સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

આ તપનો અધિકાર છે. આ બાર પ્રકારના તપમાં છેલ્લો ધ્યાનતપ કોને કહેવો? તે કહે છે, આ ઊંચામાં ઊંચો તપ છે. તપની વ્યાખ્યા રોટલા ન ખાવા તે નથી. પણ આત્મા સ્વતંત્ર જ્ઞાનાનંદ ચૈતન્યમૂર્તિ છે એવો નિર્ણય થયા પછી અંતરમાં એકાગ્ર થતા જે ઉજ્જવળતાના પરિણામ થાય છે તેને ભગવાન તપ કહે છે અને તે વખતે વિકલ્પ હોય તેને વ્યવહાર તપ કહેવાય છે. આત્માની લીનતામાં વિશેષ ઉગ્રતા થાય છે તે ધર્મ, ધ્યાન અને શુકલધ્યાનરૂપી તપ છે.

मन्दकसायं धम्मं मन्दतमकसायदो हवे सुक्कं ।
अकसाए वि सुयड्ढे केवलणाणे तं होदि ॥ ४७२ ॥

અર્થ:—ધર્મધ્યાન મંદ કષાયથી થાય છે એટલે કે મંદ કષાય પોતે ધર્મધ્યાન નથી પણ આત્મા ચિદાનંદ સાધક છે એની દૃષ્ટિ અને એકાગ્રતાની ભૂમિકામાં મંદ કષાયનો વિકલ્પ હોય છે તેને વ્યવહારે ધર્મધ્યાન કહેવાય છે. અને શુકલધ્યાન મહામુનિ શ્રેણી ચઢે ત્યારે એટલે આઠમે ગુણસ્થાને આત્મામાં વિશેષ ઉગ્રતા થતા શુકલધ્યાન હોય છે. તે વખતે તેમને અતિશય મંદકષાય હોય છે. તેથી શુકલધ્યાન અતિ મંદકષાયથી થાય છે એમ ઉપચારથી કથન કર્યું છે.

શુદ્ધિની વૃદ્ધિ થવી તે જ ધર્મધ્યાન અને શુકલધ્યાન છે. કષાયનો અભાવ થતાં શ્રુતજ્ઞાની, ઉપશાંત કષાયો, ક્ષીણ કષાયો, કેવળજ્ઞાની, સંયોગ કેવળી તથા અયોગ કેવળીને પણ શુકલધ્યાન કહીએ છીએ. સંસારના કામમાં તો એકલું આર્તધ્યાન અને રૌદ્રધ્યાન હોય છે. કેમકે એમાં એકલા આકુળતાના ભાવ હોય છે અને પુણ્ય-પાપ રહિત ચૈતન્યબિંબ છે એનો મહિમા અને માહાત્મ્ય આવીને લીનતા થાય તે ધર્મધ્યાન અને શુકલધ્યાન છે, એમાં જેટલી શુદ્ધિની વૃદ્ધિ થાય છે તેના પાંચ પ્રકાર છે. તે પાંચેયમાં કષાયનો અભાવ હોય છે.

ભાવાર્થ:—પંચ પરમેષ્ઠી, દશલક્ષણ, સ્વરૂપધર્મ તથા આત્મસ્વરૂપમાં વ્યક્ત રાગ સહિત ઉપયોગ એકાગ્ર થાય છે ત્યારે તે મંદકષાય સહિત છે એમ કહ્યું છે અને એ જ ધર્મધ્યાન છે અને શુકલધ્યાન છે ત્યાં ઉપયોગમાં વ્યક્ત રાગ તો નથી

અર્થાત્ પોતાના અનુભવમાં પણ ન આવે એવા સૂક્ષ્મ રાગ સહિત મુનિ શ્રેણિ ચઢે છે ત્યાં આત્મપરિણામ ઉજ્જવળ હોય છે.

જેને પંચપરમેષ્ઠીની ઓળખાણ નથી એને ધર્મ થતો નથી કેમકે આ વીતરાગનો માર્ગ છે. આલીહુવાલીનો આ માર્ગ નથી. સર્વજ્ઞ ભગવાન દેવાધિદેવ. કેવળજ્ઞાનીની દિવ્યધ્વની અનુસાર પંચપરમેષ્ઠીનું સ્વરૂપ છે. અઢાર દોષ રહિત અરિહંતનું સ્વરૂપ છે. અને કેવળજ્ઞાન તથા કેવળદર્શનનો ઉપયોગ એક સમયે સાથે અરિહંતને તથા સિદ્ધને હોય છે અને છેલ્લા શરીરથી કિંચિત્ ન્યૂન અવગાહના સિદ્ધને હોય છે, નગ્ન દિગંબર જૈનમાર્ગમાં મુનિઓનું સ્વરૂપ ત્રણેકાળે જ હોય છે. સિંહવૃત્તિ જેવા મુનિ હોય છે. એવા પંચપરમેષ્ઠીને ઓળખીને આત્માનો નિર્ણય કરી લીનતા કરે તેને ધર્મ થાય છે.

સનાતન ધર્મની રીત શું છે? અનાદિની કેવી રીત છે? એની ઓળખાણ કરવી જોઈએ. મુનિને દશલક્ષણ ધર્મ હોય છે. તેને પંચપરમેષ્ઠીની ભક્તિ આદિનો વિકલ્પ હોય છે, તે મંદકષાય છે. તેને વ્યવહારથી ધર્મધ્યાન કહે છે. અજ્ઞાનીને આવો મંદકષાય હોતો નથી. આ સત્‌ની એક વખત હા તો પાડે તો હાની લત લાગતાં હાલત ઉઘડી જશે. ના પાડશે તો એમાંથી હા આવશે નહિ. આઠમા ગુણસ્થાને શુક્લધ્યાન હોય છે. ત્યાં રાગ છે એ ખ્યાલમાં આવતો નથી. તેથી સૂક્ષ્મ રાગને વ્યવહારે શુક્લધ્યાન કહેલ છે.

જુઓ, આ વાતના સમજનારા ઘણા થોડા હોય છે, ઝવેરાત અને સોનાના લેનારા થોડા હોય, તેથી કાંઈ સોનાની કે ઝવેરાતની કિંમત ઓછી છે એમ નથી. એમ ધર્મના સમજનારા હંમેશા ઓછા હોય છે. તેથી સત્ તો સત્ જ રહે છે. ઘણાઓને આ વાત સાંભળીને એમ થયું છે કે આનો પ્રચાર સૌરાષ્ટ્ર બહાર આખા હિંદુસ્તાનમાં થવો જોઈએ માટે હવે વિહાર થાય તો સારું એમ ગુજરાત અને હિંદુસ્તાનમાંથી માંગણી આવે છે. પણ અહીં તો કહે છે કે પોતે તો પહેલા સમજે બીજા આત્માઓ ધર્મ પાળે એમાં આ આત્માને શું લાભ છે? સંખ્યા વધે એની સાથે આત્માના ધર્મને સંબંધ નથી. માટે પ્રથમ આત્માને સમજે અને પછી એમાં લીન થતા ધર્મધ્યાન અને શુક્લધ્યાન પ્રગટે છે.

दुक्खयरविसयजोएकेम इमं चयदि इदि विचिंततो ।
चेट्ठदि जो विक्खत्तो अट्टंज्झाणं हवे तस्स ॥ ४७३ ॥

मणहर विसयविओगे कह तं पावेमि इदि वियप्पो जो ।
संतावेण पयट्टो सो च्चिय अट्टं हवे ज्झाणं ॥ ४७४ ॥

અર્થ.—દુઃખકારી વિષયનો સંયોગ થતાં જે પુરુષ આવું ચિંતવન કરે કે આ મારાથી કેવી રીતે દૂર થાય? વળી તેના સંયોગથી વિક્ષિપ્ત ચિત્તવાળો થયો થકો ચેષ્ટા કરે તથા રુદનાદિક કરે તેને આર્ત્તધ્યાન હોય છે.

શરીરમાં રોગ આવે, દીકરો મરે, દીકરી રાંડે, મકાનમાં આગ લાગે, વીમાવાળો ભાંગે, દાટયા કોલસા થાય, વગેરે પ્રતિકૂળ સંયોગોમાં ચિંતા કરે કે આ કયારે દૂર થાય? એમ પરને ખસેડવાનો ભાવ તે મિથ્યાદૃષ્ટિનું આર્તધ્યાન છે અને એ વખતે જ્ઞાનીને પણ નબળાઈના કારણે એવો ભાવ થયો તો તે પણ આર્તધ્યાન છે. સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિના આર્તધ્યાનમાં ફેર છે. કેમકે મિથ્યાદૃષ્ટિ સંયોગને ફેરવવા માગે છે અને જ્ઞાની નબળાઈના કારણે ભાવ થયો છે એમ જાણે છે...જ્ઞાયકની મુખ્યતા રાખીને તે ભાવ થયો છે છતાં તે આર્તધ્યાન છે. મિથ્યાદૃષ્ટિ સંયોગને ફેરવીને દુઃખ કાઢવા માગે છે. પરંતુ દુઃખ સંયોગના કારણે થયું નથી. દુઃખ તો પોતે ઊભું કર્યું છે. પ્રતિકૂળતાના સંયોગમાં આફત આવી એમ અજ્ઞાની માને છે. પણ સંયોગમાં આફત નથી. પોતે સંયોગના કારણે આફત માની એ જ મોટી આફત અને દુઃખ છે. પૈસા, આબરૂ, શરીર, વગેરેની ચિંતા કરવી, તે બધું આર્તધ્યાન છે.

વળી જે મનોહર વ્હાલી સામગ્રીનો વિયોગ થતા આ પ્રમાણે ચિંતવન કરે કે—તેને હવે હું શી રીતે પામું? એમ હોય તે સ્વભાવને ચૂકતો નથી. તે આર્તધ્યાનને બરાબર જાણે છે વાત તો ક્રમબદ્ધ પ્રમાણે છે. પણ એનો નિર્ણય કરનારની દૃષ્ટિ કયાં પડી છે? આર્તધ્યાનનો કાળ તો એક સમયનો છે, દ્રવ્યનો કાળ ત્રિકાળ છે. એવા દ્રવ્યદૃષ્ટિવાળાને મિથ્યાદૃષ્ટિ જેવું આર્તધ્યાન હોય નહિ કેમકે તે સંયોગના કારણે આર્તધ્યાન થાય છે. એમ માને નહિ. અને આર્તધ્યાન સ્વભાવમાં નથી એમ જેને ભેદજ્ઞાન વર્તે છે તે આર્તધ્યાનના કાળે આર્તધ્યાન થાય છે એમ યથાર્થ જાણે છે.

ઘણા લોકો ક્રમબદ્ધને જાણતા નથી અને એનો નિર્ણય નથી. તે એમ કહે છે કે—ક્રમબદ્ધ પ્રમાણે થાય છે તો કુદેવાદિની શ્રદ્ધા હોય તો શું વાંધો? ગમે તેવો અશુભભાવ થાય તો શું વાંધો? કેમકે તે બધું ક્રમબદ્ધ છે એમ સ્વચ્છંદે વર્તે છે. પણ તે ક્રમબદ્ધને સમજ્યા નથી. વળી કહે છે કે "ભગવાને જોયું છે એ સંપ્રદાયમાં આવ્યા છીએ. તો તે ફેરવવું શા માટે પડે? પૂર્વકર્મના કારણે તે બધું છે માટે

ઉતાવળ કરવી ન જોઈ એ. અને પુરુષાર્થ કરજે એમ શાસ્ત્રમાં કહ્યું નથી. પણ પ્રમાદ કરીશ નહિ." એમ કહેલું છે. આ રીતે શાસ્ત્રોના શબ્દનો ઊંધો અર્થ કરે છે. ગજબની વાત છે. તે મૂળ વાતને ચૂકી જાય છે. કેવળીના માર્ગમાં આડુંઅવળું ચાલે એમ નથી. ઊંધા અર્થ કરી કુદેવાદિની શ્રદ્ધા છોડે નહિ. અને ઊંધો તર્ક કાઢે તો તે ક્રમબદ્ધને સમજ્યો નથી. વીતરાગનો માર્ગ એકલો પુરુષાર્થનો છે. ક્રમબદ્ધના નિર્ણયમાં કે કેવળીના નિર્ણયમાં પુરુષાર્થ અનંતો છે. જે થવાનું તે થવાનું એવો નિર્ણય કોણ કરી શકે? કે નિમિત્ત વ્યવહારની રુચિ ખસી ગઈ હોય અને સ્વભાવની રુચિ થઈ હોય તેને સાચો નિર્ણય હોય છે.

આ વાત તો ઘણા વર્ષો પહેલાની છે. સંપ્રદાયમાં પણ આવા પ્રશ્નો થતા હતા કે ઉપાદાનના ૫૧ દોકડા અને નિમિત્તના ૪૯ દોકડા રાખો પણ બન્ને તો ૧૦૦-૧૦૦ દોકડા છે. એ વાત એને બેસતી નથી. અહીં દિગંબર સંપ્રદાયમાં પણ એ વાત બેસતી નથી. પંડિતો અને ત્યાગીઓમાંથી પણ એ વાત આવે છે એટલે કે બધા એક જાતના છે. કાંઈ નવું નથી. ખરેખર તો ઊંધો ભાવ કરે તે આત્માનો પુરુષાર્થ છે અને સવળો કરે તોપણ આત્માનો પોતાનો પુરુષાર્થ છે માટે આર્તધ્યાનમાં તેના વિયોગથી સંતાપરૂપ-દુઃખરૂપ પ્રવર્તે તે પણ આર્તધ્યાન છે. વહાલી સ્ત્રી મરી જાય, આબરૂ જાય, પૈસા જાય, તો તે વખતે તેને પ્રાપ્ત કરવાની ચિંતા કરવી તે પણ આર્તધ્યાન છે. દાગીનો ખોવાયો હોય, ઘડિયાળ ખોવાઈ હોય, મોટર સારી હોય અને જાય, ઘોડો સારો હોય ને જાય તે વખતે અજ્ઞાનીને તે ઇષ્ટ વસ્તુના વિયોગના કારણે દુઃખ માને છે. જ્ઞાનીને પણ નિર્બળતાના કારણે ચિંતવન થાય છે. પણ તે બંનેના આર્તધ્યાનમાં ફેર છે. દીકરો મરી જાય અને કાંઈ નુકશાન થાય તો કાળજામાં તેલ રેડ્યું હોય એમ દુઃખી થાય. અજ્ઞાનીને ઘણું આકરું લાગે છે, જ્ઞાનીને એટલું લાગતું નથી. અજ્ઞાની બહારમાં ધાર્યું ન થાય તો અફીણ ખાય છે. પ્રતિકૂળ સંયોગોમાં તે સહન કરી શકતો નથી. અનંત ભવમાં નરકની ગોદમાં પરાધીનતાથી સહન કર્યું છે. પણ તે બધું આર્તધ્યાન રૌદ્રધ્યાન છે.

ભાવાર્થ:—સામાન્યપણે કલેશરૂપ પરિણામ તે આર્તધ્યાન છે. તે દુઃખમાં એવો લીન રહે કે—બીજી કાંઈ ચેતનતા જ રહે નહિ. એ આર્તધ્યાનના બે પ્રકાર છે. (૧) અનિષ્ટ સામગ્રીને ખસેડવાના ભાવ (૨) ઇષ્ટ સામગ્રીને મેળવવાના ભાવ, બીજા ગ્રંથોમાં ચાર પ્રકારથી આર્તધ્યાન કહેલ છે. (૧) ઇષ્ટ વિયોગનું ચિંતવન (૨) અનિષ્ટ સંયોગનું ચિંતવન, (૩) નિદાનબંધ ચિંતવન, (૪) પીડાનું ચિંતવન, એમાંથી પીડાનું ચિંતવન અનિષ્ટ સંયોગ દૂર કરવામાં આવી જાય છે. અને ઇષ્ટને મેળવવામાં નિદાનબંધ

આવી જાય છે. આ બંને અશુભ છે. પાપબંધ કરનારા છે. માટે તેને ધર્માત્મા પુરુષોએ તજવાયોગ્ય છે.

અહીં મિથ્યાદષ્ટિના આર્તધ્યાનની વાત છે. તેથી તે આર્તધ્યાનમાં સ્વભાવને ભૂલી જાય છે માટે ચેતનતા જરાયે રહેતી નથી. એમ કહેલ છે. પ્રતિકૂળ સંયોગોમાં આત્માની જાગ્રતિ ચૂકીને દુઃખની લાળને લંબાવ્યા કરે છે. તે એકલું દુઃખ જ ભોગવે છે, જેની સત્તામાં પ્રતિકૂળતા દેખાય છે, એ સત્તાવાન ભગવાન છે. એની શ્રદ્ધા અને જ્ઞાન વિના શાંતિ મળે એમ નથી. માટે આત્માનો વિચાર કરવો કે ચૈતન્ય ભગવાનની સત્તા અને ભગવાન સિદ્ધની સત્તા એક પ્રકારની છે.

કોઈ કહે કે આર્તધ્યાનનો તે કાળ હતો માટે આર્તધ્યાન થયું છે. તો કહે છે કે એ વાત તો બરાબર છે. પણ જેને સ્વભાવદૃષ્ટિ જે પરિણામ થાય છે તેમાં આત્મા પોતે પીડાય છે તે ધ્યાન છોડવા યોગ્ય છે. એટલે કે સ્વસન્મુખ થતાં તે ધ્યાન છૂટી જાય છે. તેને છોડવું એ તો વ્યવહારનું કથન છે પાઠ તો છોડવું એમ છે પણ એ તો ઉપદેશનું વાક્ય છે.

આગળ રૌદ્રધ્યાન કહે છે.

हिंसाणंदेण जुदो असच्चवयणेण परिणदो जो दु ।
तत्थेव अथिरचित्तो रुद्दं ज्झाणं हवे तस्स ॥ ૪૭૫ ॥

અર્થ:—જે પુરુષ હિંસામાં આનંદયુક્ત હોય અસત્યવચનરૂપ પરિણમતો રહે—ત્યાં જ વિક્ષિપ્ત રહે તેને રૌદ્રધ્યાન હોય છે. એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના જીવોને મારવાના ભાવ કરીને ખુશી ખુશી થાય છે. તે મિથ્યાદષ્ટિને અજ્ઞાનપૂર્વક થયેલું રૌદ્રધ્યાન છે અને જ્ઞાનીને ચારિત્રના દોષના કારણે થાય છે. તેને પણ રૌદ્રધ્યાન હોય છે.

ભાવાર્થ:—જીવઘાત કરવો તે હિંસા છે. એ કરીને જે અતિ હર્ષ માને, શિકારાદિમાં અતિ આનંદથી પ્રવર્તે પરને વિઘ્ન થતાં અતિ સંતુષ્ટ થાય જૂઠ વચન બોલી તેમાં પોતાનું પ્રવીણપણું માને તથા પર દોષ નિરંતર દેખ્યા કરે કહ્યા કરે અને તેમાં આનંદ માને તે બધું રૌદ્રધ્યાન છે એ પ્રમાણે આ બે ભેદ રૌદ્રધ્યાનના કહ્યા.

[ ક્રમશઃ ]

# વૈરાગ્ય અને પુરુષાર્થપ્રેરક પ્રદ્યુમનકુમારની કથા

卐

[ ગતાંકથી ચાલુ ]

કૃષ્ણના પુત્ર પ્રદ્યુમનને પૂર્વભવનો વેરી હરણ કરીને લઈ ગયો છે તે સોળમાં વર્ષે સોળ લાભ લઈ ને માતા-પિતાને મળશે. રોહિણી પ્રજ્ઞપ્તિ આદિ મહાવિદ્યાનો ધારક પ્રબળ પરાક્રમી, દેવ વડે જીત્યો ન જાય તેવો થશે. ત્યારે ચક્રવર્તીએ કહ્યું હે પ્રભુ! તેનું ચરિત્ર કેવું છે અને તેનું કયા કારણથી હરણ થયું તે કહો!

ત્યારે ભગવાન નારદ સહિત પદ્મરથ ચક્રવર્તીને બધી વાર્તા કહે છે કે આ જંબૂદ્વીપમાં મગધ નામના દેશમાં શાલીગ્રામના નગરમાં સોમદત્ત નામના બ્રાહ્મણને અગ્નિલા નામની બ્રાહ્મણી પતિને સુખદાયી છે, તેને બે પુત્ર છે, એકનું નામ અગ્નિભૂત ને બીજાનું નામ વાયુભૂતિ, તે બન્ને ભાઈ વેદવિદ્યામાં પ્રવિણ છે, પોતાની વિદ્યાના બળથી બીજા બ્રાહ્મણોની કાંતિ મંદ કરી છે, વિદ્યાભ્યાસ કરીને જાતિનો ગર્વ ઉપજ્યો છે, બહુવાચાળ અને માતા-પિતાના પ્રેમથી લડાવેલ હોવાથી ભોગમાં આસક્ત છે, જેને એવી શ્રદ્ધા છે કે સોળ વર્ષની નારીનું સેવન એ જ સ્વર્ગ, પરલોકની કથામાં અત્યંત દ્વેષી છે અર્થાત તેને પરલોક સુધારવાની વાત ગમતી નથી.

એક દિન નંદિવર્તન નામના મુનિ મોટા સંઘ સહિત ત્યાં આવ્યા અને ઉદ્યાનમાં બિરાજ્યા. તેઓ શ્રુતરૂપ સાગરના પારગામી છે. તેમની વંદના માટે ગામના ચારે વર્ણના મનુષ્યો દર્શનાર્થે જતા જોઈ બ્રાહ્મણ પુત્રોએ તેમને કારણ પૂછ્યું. એક સજ્જન બ્રાહ્મણે કહ્યું કે મુનિનો સંઘ આવેલ છે તેથી લોકો વંદના માટે જાય છે. ત્યારે બ્રાહ્મણ પુત્રોએ મનમાં વિચાર્યું કે અમારાથી કોણ અધિક છે? અમે મુનિનું માહાત્મ્ય જોઈએ! એમ વિચારી આ બન્ને ભાઈઓ અભિમાનથી મુનિ પાસે ગયા.

ત્યારે એક સાત્ત્વિક નામના મુનિ ગુરુથી જુદા બિરાજેલ હતા. આ બંને બ્રાહ્મણ પુત્રને જોઈ ને મુનિએ મનમાં વિચાર્યું કે આ બન્ને અભિમાની છે ને ક્રોધી છે તેથી કદાચ ગુરુ પાસે જાય અને વિવાદ કરે. આ બન્ને પાડા સમાન છે તેથી સભામાં ક્ષોભ ઉપજાવશે, મુનિની સભા સાગર સમાન છે અને શ્રીગુરુ ધર્મનો ઉપદેશ કરે છે તેથી આ બંને ક્રોધીને અહીં જ રોકીએ.

આમ વિચારી અવધિજ્ઞાનરૂપી નેત્ર જેમને છે એવા સાત્ત્વિક નામના મુનિ બ્રાહ્મણ પુત્રોને કહેવા લાગ્યા કે બ્રાહ્મણો અહીં આવો. ત્યારે તેઓ બંને ભાઈ સાત્ત્વિક મુનિ

પાસે જઈ ને બેઠા. તેને વાદરૂપ અને ગર્વસહિત દેખી મુનિની પાસે બીજા અનેક લોક આવી ભેગા થયા. મુનિએ વિપ્રોને પૂછ્યું કે વિપ્રો! તમે ક્યાંથી આવો છો? ત્યારે તે બંને બોલ્યા કે અમે આ ગામમાંથી આવીએ છીએ. ત્યારે મુનિએ કહ્યું કે એ તો હું જાણું છું કે તમે શાલીગ્રામ ગામના વાસી છો પરંતુ અમે એમ પૂછીએ છીએ કે આ સંસાર વિશે ભ્રમણ કરતાં તમે કઈ ગતિમાંથી આવ્યા છો? ત્યારે બંને વિપ્ર બોલ્યા કે આવું જ્ઞાન તો કોઈ ને હોતું નથી. ત્યારે મુનિરાજે કહ્યું કે તમે જયાંથી આવ્યા છો તે હું કહું છું તે સાંભળો.

તમે બન્ને પૂર્વભવ વિષે આ ગામની નજીક શિયાળીયા હતા. તમને પૂર્વભવમાં પ્રીતિ હતી અને પ્રવર નામના કિસાનના ખેતરમાં સાત દિન મહાવર્ષા થઈ, ઉલ્કાપાત થયો. તેથી કિસાનના હાથીના ઉપકરણો ભીંજાઈ ગયા હતા તે તમે બન્ને શિયાળ ક્ષુધાની વેદનાથી ખાઈ ગયા અને તેનાથી પેટમાં વાયુશૂલ થયું, સહી ન જાય એવી વેદનામાં મરણ પામી તમો બન્ને અકામ નિર્જરાથી મરીને મનુષ્ય થયા.

આ ગામમાં એક સોમદેવ નામના બ્રાહ્મણની અગ્નિલા નામની સ્ત્રીને તમો બન્ને અગ્નિભૂતિ અને વાયુભૂતિ નામના પુત્રો થયા; તમે કુળના ગર્વથી ગર્વિત છો. આ કુળમદ જૂઠો છે, પાપના ઉદયથી જીવને દુર્ગતિ અને પુણ્યના ઉદયથી સુગતિ થાય છે. કુળજાતિનો ગર્વ કરવો તે વૃથા છે. શિયાળીયા મર્યા પછી આ પ્રવર નામનો કિસાન ખેતરમાં ગયો. તેણે શિયાળીયાને મરેલા જોઈ ને તેની ખાલ ઉતારી ભાથડી બનાવી હતી તે ભાથડી આજ પણ તેના ઘરમાં છે અને તે કિસાન પ્રવર મરીને પોતાના પુત્રનો પુત્ર થયો અને જાતિસ્મરણ થયું. તેથી તે પુત્રનો પુત્ર થવાનું જાણીને મૂંગો થઈ ને રહ્યો છે અને અહીં જ બેઠો છે ને મારી સામું જોઈ રહ્યો છે એમ કહીને મૂંગાને મુનિએ બોલાવ્યો અને કહ્યું કે તું પ્રવર નામનો કિસાન છો ને? પુત્રનો પુત્ર થવાથી હવે શોકને તજી મૂંગાપણું છોડી અમૃતરૂપ બોલ. આ સંસારમાં જીવ નટની જેમ નૃત્ય કરે છે. સ્વામિનો સેવક થાય છે, સેવકનો સ્વામિ થાય છે અને પિતા હોય તે પુત્ર થાય છે ને પુત્ર હોય તે પિતા થાય છે. માતા હોય તે સ્ત્રી થાય અને સ્ત્રી હોય તે માતા થાય. આવું સંસારનું સ્વરૂપવિપર્ય છે. અરહટનો ઘડો ઉપરનો નીચે અને નીચેનો ઉપર થાય છે તેમ આ સંસારમાં થાય છે. જીવ અનાદિકાળથી આ રીતે ભ્રમણ કરે છે તેથી હે પુત્ર! સારવસ્તુનો સંગ્રહ કરી દયા છે મૂળ જેનું એવા પંચ મહાવ્રતધાર! આ પ્રમાણે મૂંગાને મુનિરાજે સંબોધન કર્યું તેથી તે પ્રદક્ષિણા દઈ ને મુનિરાજના પગમાં પડયો, આનંદના અશ્રુપાતથી નેત્ર ભરાઈ ગયા અને ગદ્ગદ્વાણીથી બોલીને કહ્યું કે હે ઇશ્વર! તમે સર્વજ્ઞતુલ્ય છો, વસ્તુના સ્વરૂપને પ્રત્યક્ષ દેખો છો! ત્રૈલોકની રચના તમારાથી છાની નથી. હે શ્રીગુરુ! મારા મનરૂપનેત્ર અજ્ઞાનરૂપ પટલથી આચ્છાદિત હતા તે તમે જ્ઞાનરૂપ અંજનથી પટલને દૂર કર્યા, હે ભગવાન! તમે પ્રસન્ન થઈ મને દિગંબરી દીક્ષા આપો

એમ કહી કિસાન મુનિ થયા. આવું વિપ્રનું ચરિત્ત સાંભળી દેખીને કેટલાક મુનિ થયા અને કેટલાંક શ્રાવક થયા અને આ બંને ભાઈ અગ્નિભૂતિ વાયુભૂતિ વીલખા થઈ ઘરે ગયા. તેમના માતાપિતાએ તેમને ખૂબ જ ઠપકો આપ્યો તેથી આ બંને ભાઈ ક્રોધિત થઈ રાત્રિ વિષે મુનિને મારવા ગયા ત્યારે તે સાત્વિક મુનિ એકાંત વિષે કાયોત્સર્ગ કરી ઊભા હતા. આ બંને ભાઈ એ મુનિ ઉપર તરવાર ચલાવી ત્યારે વનના અધિષ્ઠાતા યક્ષદેવે તેને બાંધી દીધા અને પ્રભાત થતાં લોકોએ તેમનું આ કૃત્ય જોઈ ઘણી નિંદા કરી અને આ બંને ભાઈ પણ પોતાના દુરાચારની મનમાં નિંદા કરવા લાગ્યા. આ બંને ચિતમાં ચિંતવવા લાગ્યા કે મુનિનો મહા પ્રભાવ છે અમે વિનયાચાર ઉલંઘ્યો તેથી કીલ (બંધન) થયા, જિનધર્મનું અમે પ્રત્યક્ષ ફળ જોયું. હવે જો બંધનથી છૂટીએ તો જિનધર્મનું આરાધન કરીએ. આમ વિચાર કરતા ઊભા છે અને તેના માતાપિતાએ પુત્રોને બંધનમાં પડેલ જાણ્યા એટલે તેઓ બન્ને આવીને મુનિરાજના પગમાં પડ્યા. મુનિરાજને પ્રસન્ન કરવા લાગ્યા. મુનિ મહાદયાવાન ધ્યાન ધરી ઊભા હતા. આ બધું કાર્ય ક્ષેત્રપાલનું જાણ્યું. તે ક્ષેત્રપાલ મહા વિનયવાન થઈ મુનિ સામે ઊભો છે તેને મુનિરાજે કહ્યું કે હે યક્ષરાજ આ બ્રાહ્મણ પુત્રોને ક્ષમા કરો! કર્મની પ્રેરણાથી જીવને શુભ-અશુભ કાર્ય થાય છે. નેમનાથપ્રભુના કુળમાં જન્મીને તેમની સાથે મોક્ષ જનાર છે. તેથી તમે કરુણા કરો. આ રીતે મુનિરાજે આજ્ઞા કરી. ત્યારે યક્ષરાજ કહે છે કે જે આપ આજ્ઞા કરો તેમ થશે, આમ કહી વિપ્ર પુત્રોને બંધનથી મુક્ત કર્યા. તેથી વિપ્રપુત્રોએ મુનિના શ્રીમુખથી યતિ અને શ્રાવકનો ધર્મ શ્રવણ કરી અણુવ્રત લઈ શ્રાવક થયા.

ચિરકાળ સમ્યક્ સહિત શ્રાવકના વ્રત પાળી સમાધિ કરી પહેલાં સ્વર્ગમાં દેવ થયા અને તેમના માતાપિતા જિનધર્મની અશ્રદ્ધા કરી મર્યા તેથી મિથ્યાત્વના પ્રભાવથી કુગતિમાં ગયા અને તે બંને ભાઈ સ્વર્ગલોકનું સુખ ભોગવીને સ્વર્ગથી ચ્યુત થઈ અયોધ્યાપુરીમાં સમુદ્રદત્ત નામના શેઠને ધારીણી નામની શેઠાણીને પૂર્ણભદ્ર મણિભદ્ર નામે પુત્ર થયા. સમ્યક્સહિત મહાજિનધર્મી થયા. એક દિન મહેન્દ્રસેન નામના મુનિના મુખથી ધર્મ શ્રવણ કરીને તેના પિતા મુનિ થયા અને નગરના રાજા મુનિ થયા અને બીજા પણ ઘણા લોકો મુનિ થયા.

એક સમય આ પૂર્ણભદ્ર અને મણિભદ્ર રથમાં બેસી મુનિના દર્શને જઈ રહ્યા છે ત્યાં માર્ગમાં એક ચાંડાલ અને કૂતરીને જોઈ અતિ સ્નેહ ઉપજ્યો એટલે ગુરુ પાસે જઈ વંદન કરી ભક્તિથી પૂછવા લાગ્યા કે હે પ્રભો! અમને ચાંડાલ તથા કૂતરી જોઈ સ્નેહ થવાનું કારણ શું? ત્યારે અવધિજ્ઞાની મુનિ કહે છે કે વિપ્રના ભવમાં તમારા તે માતા પિતા હતા. તે પાપના ઉદયથી નરકમાં ગયા હતા ત્યાંનું દુઃખ ભોગવી ચાંડાલ ને કૂતરી થયા છે.

શ્રી ગુરુના વચન સાંભળી પૂર્ણભદ્ર મણિભદ્ર તેમની પાસે જઈ ને પૂર્વભવ સંબંધની કથા કરી ધર્મોપદેશ દેવાથી તે બંને ઉપદેશ સાંભળી શાંતચિત્ત થયા. ચાંડાલનું આયુષ્ય

એક માસ માત્ર હતું. તેણે શ્રાવકના વ્રત લઈ ચારે પ્રકારના આહારનો ત્યાગ કરી સમાધિમરણ કર્યું. તેથી નંદિશ્વરદ્વીપનો દેવ થયો અને કૂનરી શ્રાવકના વ્રત પાળી સમાધિમરણ કરીને અયોધ્યાના રાજાને ઘેર પુત્રી થઈ. તે યૌવન પ્રાપ્ત થતા રાજાએ તેનો સ્વયંવર રચ્યો. વરમાળા હાથમાં લઈ ને વરને નીરખતી હતી તે સમયે નંદીશ્વરદ્વીપનો દેવ અહીં આવી નીકળ્યો તેણે કન્યાને દેખતા તેના કાનમાં કહ્યું કે હે અગ્નિજ્વાલા! તું નરકનું દુઃખ ભૂલી ગઈ! ને હવે લગ્ન કરે છે! તેથી તને ધિક્કાર છે. આમ દેવના વચન સાંભળી આ રાજપુત્રી સંસારને અસાર જાણી સમ્યક્ અંગીકાર કરી અર્જિકાના વ્રત ધારણ કર્યા અને બધા પરિગ્રહનો ત્યાગ કર્યો. નવયૌવનમાં વ્રત ધર્યા. બંને ભાઈ શ્રાવકના વ્રત પાળી સમાધિમરણ કરી સ્વર્ગમાં દેવ થયા અને સ્વર્ગના સુખ ભોગવી ત્યાંથી ચ્યુત થઈ અયોધ્યાના રાજા હેમનાથ તેની ધરાવતી નામની રાણીને મધુ અને કૌટભ નામના પુત્ર થયા.

પુત્રો મોટા થયા ત્યારે રાજા હેમનાથે મધુને રાજ્ય અને કૌટભને યુવરાજપદ આપી મુનિવ્રત ધારણ કર્યું. મધુ કૌટભ બંને ભાઈ અતિ સુખપૂર્વક રાજ કરે છે તે વખતે એક ભીમક નામનો રાજા તેનો એક ક્ષુદ્ર સામંત એક પહાડ ઉપર ગઢ તેનો ગર્વ કરી રાજા મધુની આજ્ઞા માનતો નથી અને મધુના દેશમાં ઉપદ્રવ કરે છે તેને વશ કરવા માટે મધુ જાય છે ત્યારે માર્ગમાં એક વટપુર નામના નગરમાં રાજા વીરસેન છે, તે રાજા મધુનો અતિ ભક્ત છે, તેથી વટપુરમાં પડાવ નાખ્યો. ત્યાં રાજા મધુની વીરસેને અતિ ભક્તિ કરી અને રાજલોક સહિત મધુની મહેમાનગતી કરી અતિ સન્માન કર્યું. રાજા વીરસેનની રાણી ચંદ્રાભા અતિ રૂપવતી સુંદર મધુરભાષિણી હતી તે રાજા મધુનું મન હરે છે. જોકે રાજા મધુની બુદ્ધિ શાસ્ત્ર વિષે દૃઢ હતી તોપણ ચંદ્રાભાને દેખીને રાગરૂપ થઈ ગઈ જેવી રીતે ચંદ્રકાંતમણિની શિલા દૃઢ છે તોપણ ચંદ્રમાને દેખીને નરમ થઈ જાય છે.

રાજા મધુ મનમાં વિચારે છે કે આ રૂપસૌભાગ્યથી યુક્ત આ રાણી સહિત હું રાજ્ય કરું તો રાજ્ય સુખરૂપ છે, એના વિના આ રાજ્ય વિષ તુલ્ય છે. જેમ ચંદ્રમા કલંકી છે પરંતુ ચાંદની કરી અત્યંત શોભે છે, તેમ મને પરસ્ત્રી હરણ કરી કલંક તો લાગશે છતાં હરણ કરવાનું મન થયું. રાજા મધુ બુદ્ધિવાન હોવા છતા મંદબુદ્ધિ થઈ ગયો ત્યારે પ્રધાનમંત્રી બુદ્ધિવાન હતો તેણે કહ્યું કે આ સમયે રાજા ભીમને વશ કરવો છે તેથી બીજા ઉપદ્રવ ન ઉપજાવો. ત્યારે રાજા મધુના મનમાં ઠીક લાગ્યું. પહેલાં ભીમને વશ કરી અયોધ્યા આવ્યા. ચંદ્રાભા વિષે મન આસક્ત છે તેથી વસંતઋતુનો મહોત્સવ રચ્યો. બધા રાજાઓને બોલાવ્યા. તેમના આજ્ઞાકારી બધા રાજાઓ સ્ત્રી સહિત આવ્યા અને રાજા

[ અનુસંધાન પાનું ૨૭ ઉપર ]

[ તા. ૯-૧-૯૮ ]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

ધાર્મિક શિક્ષણવર્ગ:—અધ્યાત્મવિદ્યાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં ડિસેમ્બર માસની રજાઓમાં તા. ૨૪-૧૨-૯૭ થી તા. ૨-૧-૯૮—દસ દિવસીય અધ્યાત્મતત્ત્વપ્રધાન ધાર્મિક શિક્ષણવર્ગનું આયોજન સફળ રહ્યું. ઉત્તમવર્ગમાં બ્ર. શ્રી ચંદુભાઈ ઝોબાળિયાએ સવારે શ્રી પ્રવચનસાર જ્ઞેયતત્ત્વપ્રજ્ઞાપન ગાથા-૯૫ ઉપર અને સાંજે શ્રી સમયસારની ગાથા ૬ અને ૭ ઉપર તેમ જ મધ્યમવર્ગમાં બ્ર. શ્રી વ્રજલાલભાઈ શાહે સવારે શ્રી પ્રશ્નોત્તરમાળા અને સાંજે શ્રી મોક્ષમાર્ગપ્રકાશક ઉપર શિક્ષણ આપ્યું હતું. આ દિવસોમાં તા. ૨૬, ૨૭ તથા ૨૮—ત્રણ દિવસ માટે, શ્રી કુંદકુંદ-કહાન-પરિવાર-યુવકમંડળ, બૃહદ્મુંબઈ દ્વારા ઉજવાનાર પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ૮૫મા વર્ષનો આગામી "મહામણિ-જન્મોત્સવ"ના ઉપલક્ષમાં તેઓએ શ્રી સુવર્ણપુરીમાં "અધ્યાત્મ-તત્ત્વજ્ઞાન-મહાયોગ"નું આયોજન કર્યું હતું. આ શિબિરમાં ડૉ. પ્રવિણભાઈ દોશીએ 'અનેકાંત' ઉપર, શ્રી ચીમનભાઈ મોદીએ "પંચપરમાગમના વિષયનીરૂપણ" ઉપર, બ્ર. શ્રી વ્રજલાલભાઈએ શ્રી પ્રવચનસારની ૯૩મી ગાથાના આધારે "પદાર્થનું સંવિધાન" ઉપર, બ્ર. શ્રી ચંદુભાઈએ "સમ્યગ્દર્શન અને તેની મહિમા" ઉપર તથા શ્રી સુભાષભાઈ શેઠે શ્રી પ્રવચનસાર ગાથા ૧૦૦ના આધારે "સત્ તેમ જ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય દ્વારા વસ્તુના સંવિધાન" ઉપર શિક્ષણ આપ્યું હતું. બધા વિષય બહુ રોચક હતા અને સમાગત બધા યુવાનો આ ગહન તત્ત્વને સમજવાનો રસ લેતા. ત્રણે દિવસ રાત્રે પ્રશ્નોત્તરનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. પ્રત્યેક અધ્યાપક પોતાના વિષયના પ્રશ્નોનો સુંદર તેમ જ સમીચીન ઉત્તર આપતા હતા. અધ્યાત્મતત્ત્વજ્ઞાનના આધારસ્થંભ પૂજ્ય ગુરુદેવશ્રીના અદ્ભુત અલૌકિક ટેપ-પ્રવચનોના શ્રવણનું પરમ-સૌભાગ્ય, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ઓડિયો તત્ત્વચર્ચા તથા આદરણીય પંડિતરત્ન શ્રી હિમ્મતલાલભાઈ જે. શાહનો મધુર સત્સમાગમ આ શિબિરમાં મુખ્ય આકર્ષણો હતા. આદરણીય પંડિતજીએ ૯૦ વર્ષની વૃદ્ધાવસ્થામાં પણ પરિશ્રમ ઉઠાવીને ત્રણ દિવસ પોતાની અધ્યાત્મતત્ત્વચર્ચા દ્વારા યુવાનોને તત્ત્વાભ્યાસ માટે વધુ ઉત્સાહિત કર્યા. શિબિરના પ્રારંભમાં અને અંતમાં મંગલ આશીર્વાદ સહિત તત્ત્વજિજ્ઞાસુ યુવકમંડળને તત્ત્વજ્ઞાનનો લાભ લેવા પુનઃ પધારજો—એવા ધર્મવાત્સલ્યભીના તેઓના નિમંત્રણથી યુવકમંડળ ગદ્ગદ્ થઈ ગયો હતો. ટ્રસ્ટ તરફથી સંપૂર્ણ સુવ્યવસ્થા અને પંડિતજીના ધર્મવાત્સલ્યથી પ્રભાવિત થઈ ને યુવકમંડળને સોનગઢ પુનઃ પુનઃ આવીને તત્ત્વજ્ઞાનનો લાભ લેવાની ભાવના જાગી. બૃહદ્મુંબઈના તેમ જ

અન્ય ગામના અનેક યુવકોએ આ શિબિરનો ઘણો લાભ લીધો હતો. આ દિવસોમાં મુમુક્ષુઓની વિશાળ ઉપસ્થિતિથી ઉત્સવ જેવું વાતાવરણ બની ગયું હતું. ઉપર્યુક્ત સફળતાથી પ્રેરાઈને પૂજ્ય ગુરુદેવશ્રીના આગામી ૧૦૯મા જન્મોત્સવ પ્રસંગે શ્રી કુંદકુંદકહાન-પરિવાર યુવકમંડળ, બૃહદ્‌મુંબઈ એ, તા. ૨૪, ૨૫, ૨૬ એપ્રિલના રોજ ત્રણ દિવસીય સોનગઢમાં ધાર્મિક શિક્ષણ શિબિર રાખવાનું નક્કી કર્યું છે.

* **બહેનશ્રી ચંપાબેનની ૬૬મી સમ્યક્‌ત્વજયંતી:**—અધ્યાત્મતત્ત્વજ્ઞાનના આધારસ્થંભ, સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક, સ્વાનુભવરત્નવિભૂષિત, પરમોપકારી કલ્યાણમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીના પરમભક્ત સ્વાનુભવવિભૂષિત, ધર્મરત્ન, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની આગામી ૬૬મી સમ્યક્‌ત્વજયંતી ફાગણ વદ-૬, ગુરુવાર, તા. ૧૯-૩-૯૮ થી ફાગણ વદ-૧૦, સોમવાર, તા. ૨૩-૩-૯૮—પાંચ દિવસ સુધી 'પંચાહ્નિક સમ્યક્‌ત્વજયંતી મહોત્સવ'ના રૂપમાં વાંકાનેર (સૌરાષ્ટ્ર)ના શ્રી દિગંબર જૈન સંઘ દ્વારા અતિ આનંદોલ્લાસ સહ ઉજવવામાં આવશે, જેની વિશેષ વિગત આવતા અંકમાં આપવામાં આવશે.

* **શ્રી ઋષભનિર્વાણપર્વ:**—પોષ વદ-૧૪, મંગળવાર, તા. ૨૭-૧-૯૮ના રોજ આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનનો નિર્વાણદિન શ્રી નંદીશ્વરજિનાલયમાં વિશેષ પૂજાભક્તિ પૂર્વક ઉજવવામાં આવશે.

## પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીના જન્મધામ ઉમરાળામાં

### નિઃશુલ્ક જમવાની તથા રહેવાની યોજના

પૂજ્ય કહાનગુરુ જન્મધામની યાત્રાએ આવતા યાત્રીઓને રહેવા-જમવાનું નિઃશુલ્ક આયોજન શ્રીમતી શારદાબેન શાંતીલાલ શાહ-પરિવાર, સાયન મુંબઈ તથા શ્રી સૂરજબેન અમુલખભાઈ શેઠ સ્મૃતિ ટ્રસ્ટ મુંબઈ તરફથી કરવામાં આવેલ છે તો જેઓએ આ યોજનાનો લાભ લેવા ઇચ્છતા હોય તેઓએ અગાઉથી નીચેના સરનામે તથા ટેલીફોન નંબર ઉપર જણાવી વ્યવસ્થામાં સહકાર આપવો.

શ્રી દિગંબર જૈન મુમુક્ષુમંડળ,
શ્રી કહાનગુરુ જન્મધામ,
ઉમરાળા, જિ. ભાવનગર
અમૃતભાઈ, ટે. નં. (02843) 5272/5372

નિમંત્રણ
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

## વૈરાગ્ય સમાચાર :—

* લખતરનિવાસી ( હાલ–અમદાવાદ ) ખાડીયા–અમદાવાદ દિગંબર જૈન મુમુક્ષુમંડળના પ્રમુખ શ્રી બાલચંદભાઈ શીવલાલ દોશી ( વર્ષ–૭૮ ) તા. ૯–૧૨–૯૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશકવાણીનો ઘણો જ લાભ લીધો હતો. અધ્યાત્મતત્ત્વના ઘણા અભ્યાસી હતા. છેલ્લા ત્રણેક વર્ષથી ડાયાલીસીસ ઉપર રહીને અધ્યાત્મનું ચિંતન–મનન–ઘોલન કરીને શાંતિપૂર્વક દેહવિલય પામ્યા હતા.

* બોટાદનિવાસી શ્રી રતીલાલ મગનલાલ શાહ ( વર્ષ–૭૫ ) હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે.

* મુંબઈનિવાસી શ્રી નરેન્દ્રભાઈ પોપટલાલ વોરા ( વર્ષ–૫૨ ) તા. ૨૫–૧૨–૯૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ પૂજ્ય ગુરુદેવશ્રીની અધ્યાત્મ–અમૃતવાણીનો ઘણો લાભ લીધો હતો.

* ભાવનગરનિવાસી ( હાલ–અમદાવાદ ) પન્નાબેન રજનીકાંત મહેતા ( —તે લાઠીનિવાસી સ્વ. શ્રી લાલજીભાઈની ભાણેજ ) ( વર્ષ–૫૨ ) તા. ૨૪–૧૨–૯૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપસ્થિતિમાં આઠ વર્ષ સોનગઢ રહીને પૂજ્ય ગુરુદેવશ્રીનો લાભ લીધો હતો.

—સ્વર્ગસ્થ આત્માઓએ ભવોદધિતારણહાર પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ–અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ–ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ–ગુરુ–ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ–ગુરુ–ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

---

[ અનુસંધાન ૨૪...વૈરાગ્ય અને પુરુષાર્થ ]

વીરસેન પણ પોતાની સ્ત્રી ચંદ્રાભા સહિત આવ્યો. મહોત્સવ ઉજવી બધા રાજાઓને વસ્ત્રાભરણ દઈ ને વિદાય કર્યાં. વીરસેનનું અતિ વિશેષ સન્માન કરી વટપુર વિદાય કર્યો અને તેની રાણી ચંદ્રાભાને યોગ્ય આભૂષણો તૈયાર થઈ રહ્યા છે તે થોડા દિનમાં તૈયાર થયે. ચંદ્રાભાને વિદાય કરીશું. રાજા વીરસેન તો ભોળો છે તેને વિશ્વાસ આવી ગયો તેથી તે એકલો પોતાના રાજ્યમાં ગયો.

[ ક્રમશઃ ]

### જિનેન્દ્રમહિમાનો મંગલ અવસર!

### બેંગલોર ( કર્ણાટક )ના ઉપનગર—રાજાજીનગરમાં

## શ્રી નેમિનાથ દિગંબર જિનમંદિરની પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં

# શ્રી દિગંબર જિનબિંબ-પંચકલ્યાણક-પ્રતિષ્ઠામહોત્સવ

[ તા. ૨-૨-૯૮ થી તા. ૯-૨-૯૮ ]

આનંદોલ્લાસપૂર્વક જણાવવાનું કે—વર્તમાન અધ્યાત્મયુગના સ્રષ્ટા, દ્રવ્યદૃષ્ટિપ્રધાન-સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક, પુરુષાર્થપ્રેરણામૂર્તિ, પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી તેમ જ તદ્ભક્ત સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પુનીત ધર્મોપકાર-છાયામાં બેંગલોર ( કર્ણાટક )ના ઉપનગર-રાજાજીનગરમાં નવનિર્મિત શ્રી નેમિનાથ દિગંબર જિનમંદિરની વિધિનાયક શ્રી આદિનાથના પંચકલ્યાણકપૂર્વક પાવન પ્રતિષ્ઠા ( મહા સુદ ૧૩, તા. ૯-૨-૯૮ સોમવાર )નો મહોત્સવ મહા સુદ ૬, સોમવાર, તા. ૨-૨-૯૮ થી મહા સુદ ૧૩, સોમવાર, તા. ૯-૨-૯૮ સુધી અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવવાનું અમોએ—બેંગલોરના શ્રી મહાવીર-કુંદકુંદ-કહાન દિગંબર જૈન શુદ્ધ આમ્નાય-અનુયાયી શ્રી કુંદકુંદ-કહાન-સૂર્ય સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, તેમ જ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંડળ ટ્રસ્ટે નક્કી કર્યું છે, જેનો લાભ લેવા સર્વે મુમુક્ષુઓને હાર્દિક આમંત્રણ છે.

[ પ્રતિષ્ઠામહોત્સવનીમહત્વપૂર્ણ બોલી—ઇન્દ્રો, અહમિન્દ્રો, તેમ જ કુબેર ઇત્યાદિ—પ્રતિષ્ઠાના પહેલાં દિવસે ( તા. ૨-૨-૯૮ ) તથા પ્રતિષ્ઠામંડપમાં વિધિ-અધ્યક્ષ શ્રી જિનબિંબ બિરાજમાન કરવાની, અખંડદીપ-પ્રદીપનની, ધર્મધ્વજારોહણની તેમ જ પંચપરમેષ્ઠીમંડલવિધાન પૂજનના ઇન્દ્રોની બોલી તા. ૧-૨-૯૮ ને રવિવારના રોજ બોલવામાં આવશે. ]

પ્રતિષ્ઠા-ઉત્સવનું એડ્રેસઃ—
આદિનાથ નગર
ગગમ્મા થીમ્મય્યા ઇન એન્ડ કન્વેન્શન
સેન્ટર, નં. ૭૧, II બ્લોક, III સ્ટેજ,
થીમ્મય્યા પ્રાઇવેટ લે-આઉટ,
બસવેશ્વરનગર, મેઇન રોડ,
બેંગલોર—૫૬૦૦૭૬

નિમંત્રક—
શ્રી કુંદકુંદ-કહાન-સૂર્ય સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
તેમ જ
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંડળ ટ્રસ્ટ,
બેંગલોર-૫૬૦૦૭૯

# * પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર *

* જેમ માળામાં મણકા જે સ્થાને છે તે સ્થાને જ છે, આગળ-પાછળ થઈ જાય તો માળા એકરૂપ અખંડ નથી રહેતી, તેમ જે સમયે જે જન્મક્ષણે જે ક્રમબદ્ધપર્યાય થવાની તે જ થવાની, બીજા સમયની પર્યાય પહેલાં થાય ને પહેલાં સમયની પર્યાય પછી થાય એમ છે જ નહીં. જે સમયે જે પર્યાય થવાની છે તેને કાળલબ્ધિ કહેવામાં આવે છે. પ્રવચનસારમાં તેને જન્મક્ષણ કહે છે તથા પ્રવચનસારની ૯૯મી ગાથામાં પોતપોતાના અવસરે પર્યાય થાય છે એમ પાઠ છે. સર્વજ્ઞ ભગવાન પણ પોતાની ક્રમસર જે પર્યાય થવાની તેના કર્તા નથી, જાણનાર છે. ૮૦.

* નિઃસંદેહપણે તું આમ જાણ કે દેહમાં બિરાજમાન દેહથી ભિન્ન પરમાત્મા પોતે છે. રાગ દ્વેષ તો ભિન્ન છે, શરીર ભિન્ન છે, તે તો ક્યાંય રહ્યાં પણ પરમાત્માને જાણવાવાળી જે દશા છે તે નાશવાન છે, તેમાં અવિનાશી પ્રભુ વસ્યો નથી. આવો મહિમાવંત ત્રણલોકનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ તને મળવા આવ્યો—પર્યાયમાં ભેટો કરવા આવ્યો છે ત્યારે તેં રાગની સાથે ભેટો કરીને તેનો અનાદર કર્યો છે. ૮૧.

* જેને પર્યાયની હયાતીનો જ સ્વીકાર છે એને ત્રિકાળી સ્વભાવની હયાતીનો અસ્વીકાર થઈ જાય છે. અનાદિથી પર્યાયને જ સત્‌રૂપે-હયાતીરૂપે દેખી હતી એને ભૂલી જા! ને ત્રિકાળી સ્વભાવને ભૂલી ગયો હતો તેને જો! સ્મરણ કર! પર્યાયની રુચિમાં, આખો જ્ઞાયકભાવ છે એ દૃષ્ટિમાં આવતો નથી. જ્ઞાયકભાવની રુચિ થતાં જ્ઞાનમાં સંવર-નિર્જરા-મોક્ષપર્યાયનું જ્ઞાન યથાર્થ થાય છે, પણ એ પર્યાયની દૃષ્ટિ હોતી નથી. ૮૨.

* શ્રોતા :—ક્રમબદ્ધમાં ક્રમબદ્ધની વિશેષતા છે કે દ્રવ્યની?

પૂજ્ય ગુરુદેવ :—ક્રમબદ્ધમાં જ્ઞાયકદ્રવ્યની વિશેષતા છે. ક્રમબદ્ધમાં અકર્તાપણું સિદ્ધ કરીને જ્ઞાયકપણું બતાવવું છે. ૮૩.

મનુષ્ય અપને દોષોંકો યદ્યપિ કપટસે આચ્છાદિત કરતા હૈ (ઢંકતા હૈ) તો ભી વહ લોકમેં ક્ષણભરમેં હી ઈસી પ્રકારસે અતિશય પ્રકાશમેં આ જાતા હૈ—પ્રગટ હો જાતા હૈ–કિ જિસ પ્રકારસે જલમેં ડાલા ગયા મળ ક્ષણભરમેં હી ઉપર આ જાતા હૈ. અત એવ મનુષ્યોંકો ઉસ માયાચારકે લિયે હૃદયમેં થોડાસા ભી સ્થાન નહીં દેના ચાહિયે.

*—શ્રી અમિતગતિ આચાર્ય*
*(સુભાષિતરત્નસંદોહ, શ્લોક–૬૨)*

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364250 (INDIA)

Licence No. 21 `Licensed to Post Without Prepayment'

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦
મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૨૦૧/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૧૮/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૧૬૮/– અલગ]